**આજનો સુવિચાર**

આપણે સમયનું ધ્યાન નથી રાખતા, તેથી સમય પણ આપણું ધ્યાન નથી રાખતો!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૮ જૂનાગઢ તા.૨૮-૦૮-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 218, Junagadh : Date : 28 August, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### ગુજરાતમાં મેઘતાંડવ : સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર પર આકાશી આફત : આગામી ૪૮ કલાક અત્યંત ભારે : રેડ એલર્ટ

# દ્વારકા-પોરબંદર-કચ્છ-જૂનાગઢ જીલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી : ૬૫ કિમીની ઝડપે પવન ફુંકાશે







અમદાવાદ તા.૨૮

ગુજરાતમાં મેઘરાજાએ છેલ્લા એક સપ્તાહથી તાંડવ મચાવ્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર ગુજરાતમાં આવ્યા બાદ ડીપ ડિપ્રેશનમાં ફેરવાયું છે. જેના કારણે ગુજરાતભરમાં સાર્વત્રિક અતિવૃષ્ટિની પરિસ્થિતિ સર્જાઈ છે. જોકે, હવે ગુજરાતના ઉત્તર, મધ્ય, ઉત્તર-પૂર્વ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં મેઘરાજાનું જોર ધીમું પડી રહ્યું છે, પરંતુ હજુ પણ ૪૮ કલાક સૌરાષ્ટ્ર - કચ્છમાં સ્થિતિ યથાવત રહેશે અને ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગ દ્વારા દર ત્રણ કલાકે વરસાદની સ્થિતિની આગાહી કરવામાં આવે છે. ત્યારે આજે સવારે ૧૦ વાગ્યાની આગાહી અનુસાર ડીપ ડીપ્રેશન કચ્છના અખાત થઈને અરબ સાગરમાં પહોંચ્યું છે. તેના કારણે સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓમાં અતિભારે વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગ દ્વારા સવારના ૧૦ વાગ્યાની આજની આગાહી અનુસાર આગામી ત્રણ કલાક એટલે કે, બપોર સુધીમાં સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓમાં ભારે ગાજવીજ સાથે અતિભારે વરસાદની શક્યતાઓ છે. આ સાથે જ ૫૫થી ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. તથા સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં અતિ ભારે વરસાદની શક્યતાઓ છે.

કચ્છ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જામનગર અને જૂનાગઢમાં આજે પણ અતિભારે વરસાદની શક્યતાઓ છે. જ્યારે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં તથા ઉત્તર, મધ્ય અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. આ સાથે જ વરસાદ વરસતો હશે તે દરમિયાન મેઘ ગર્જના પણ રહેશે આજે રાજ્યના તમામ જિલ્લાઓમાં ભારે પવન ફૂંકાઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૭-૮ દિવસથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અત્યંત ભારે વરસાદ વરસતા તારાજી સર્જાઈ છે. ઠેર-ઠેર પાણી ભરાયા છે અને રોડ રસ્તા બેટમાં ફરેવાયા છે. આ ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં તો લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા છે.

## મુશળધાર વરસાદથી સમગ્ર રાજયનું જનજીવન ઠપ્પ ૫૦થી વધુ ટ્રેનો રદ : એસટીની ૪૫૩૧ ટ્રીપ બંધ

અમદાવાદ તા.૨૮

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને વડોદરા શહેર અને જિલ્લામાં પૂરની સ્થિતિ ઊભી થઈ છે ત્યારે રાજ્યભરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટને ગંભીર અસર પહોંચી છે. આજે વડોદરા, આણંદ, મુંબઈ અને ભુજ તરફ જતી ૨૨ ટ્રેનોને રદ કરવામાં આવી છે. મુંબઈ તરફ જતી તેજસ એક્સપ્રેસ, કર્ણાવતી સહિતની ટ્રેનો રદ કરાઈ છે. જ્યારે એકતાનગર એક્સપ્રેસ અને આણંદ વડોદરા મેમુ ટ્રેનો પણ રદ થઈ છે. આમ ૨૮ અને ૨૯ ઓગસ્ટની ૫૦ જેટલી ટ્રેનો રદ કરવામાં આવી છે. ગુજરાત એસટી વિભાગના કુલ ૧૪૫૧૨ રૂટ પૈકી ૧૧૮૦ રૂટ તેમજ ૪૦૫૧૫ ટ્રિપ પૈકી ૪૫૩૧ ટ્રિપ બંધ છે. આજે વડોદરા, પાદરા, ખેડા ડેપોનું તમામ સંચાલન બંધ છે.

૨૬ અને ૨૭ ઓગસ્ટ એમ બે દિવસ પડેલા ભારે વરસાદના કારણે ૬૦થી વધુ ટ્રેનોને રદ કરવામાં આવી છે. જ્યારે ૪૬ ટ્રેનોને આણંદ-ગોધરા થઈને અન્ય રૂટ પર દોડાવવામાં આવી છે. ૨૦ ટ્રેનોને વડોદરા અથવા અન્ય સ્ટેશનો સુધી જ ચલાવવામાં આવી છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે રેલવે વ્યવહારને મોટી અસર થઈ છે. ભુજના માળિયા મિયાણા સેક્શનમાં પણ ભારે વરસાદના કારણે પાણી ભરાતા ભુજ તરફ જતી ભુજ-ગાંધીનગર કેપિટલ, દાદર ભુજ એક્સપ્રેસ સહિતની ટ્રેનોને પણ રદ કરવામાં આવી છે. બીજી તરફ આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં બે દિવસ ભારે વરસાદના રેડ એલર્ટના પગલે વધુ કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી શકે છે.

ગુજરાતભરમાં મંગળવારે સતત ત્રીજા દિવસે વરસાદનું જોર યથાવત્ રહ્યું હતું. રાજ્યના ૨૪૫ તાલુકામાં ૫થી ૧૦ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. તે સાથે સતત ત્રીજા વર્ષે રાજ્યમાં ૧૦૦ ટકા વરસાદ થઈ ગયો છે. ભારે વરસાદને કારણે એકતરફ સૌરાષ્ટ્રમાં તમામ મોટા લોકમેળા રદ કરવામાં આવ્યા હતા તો બીજી તરફ મધ્ય ગુજરાતમાં ૧૦ વર્ષ પછી વડોદરા શહેરના ૮૦ ટકા વિસ્તારમાં જળબંબાકાર છવાયો હતો. હાલની સ્થિતિએ રાજ્યમાં સરેરાશથી ૩૨ ટકા વધુ વરસાદ પડયો છે. ૨૦૨૨ અને ૨૦૨૩માં પણ રાજ્યમાં સિઝનનો કુલ વરસાદ ૧૦૦ ટકા પાર થયો હતો. ૨૦૨૨માં પણ આ સમયે સિઝનનો ૧૦૦ ટકા વરસાદ થયો હતો. ૨૦૨૧માં ચોમાસું ૧૦૦ ટકાને પાર થયું નહોતું. ઉત્તર ગુજરાતને બાદ કરતાં તમામ ઝોનમાં પૂરો વરસાદ થયો છે. ૨૦૨૧માં આ સમય કરતાં હાલમાં ૬૦ ટકા વધુ વરસાદ છે.

## ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ડેમ ઓવરફલો થવાની તૈયારીમાં



### ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેરના પગલે ૨૦૭ ડેમોનું ચિત્ર બદલાયું ૯૬ ડેમ ખાતે હાઈએલર્ટ

ગાંધીનગર તા.૨૮

રાજ્યમાં મેઘરાજાની મહેરના પરિણામે મોટાભાગના તાલુકાઓમાં છેલ્લા ત્રણ દિવસમાં મુશળધાર વરસાદ વરસ્યો છે. વરસી રહેલા આ સાર્વત્રિક વરસાદના ભાગરૂપે રાજયમાં ૭૬ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૬ જળાશયો-ડેમ ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજયના ૨૩ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૩૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૩૧ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૯૦,૫૪૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૭ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૦૭,૪૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શકિતના ૭૨.૭૩ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭ જળાશયોમાં ૭૮ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

## દ્વારકા જીલ્લાના ખંભાળીયામાં ૧૮ ઈંચ વરસાદ ખાબકયો : સીઝનનો કુલ ૭૬ ઈંચ વરસાદ નોંધાયો

ખંભાળીયા તા.૨૮

છેલ્લા ૨૪ કલાકમાં ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઈંચ વરસાદ નોંધાતા સર્વત્ર પાણી-પાણી થઈ ગયું છે. જ્યારે દ્વારકા તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે. આજે હવામાન વિભાગ દ્વારા રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લા કંટ્રોલ રૂમમાંથી મળેલા આંકડા મુજબ, ભાણવડ તાલુકામાં ૧૦ ઈંચ, કલ્યાણપુર તાલુકામાં ૧૦ ઈંચ તેમજ દ્વારકા તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધીનો વરસાદ જોઈએ તો ખંભાળિયા તાલુકામાં ૧૯૦૦ મી.મી. (૭૬ ઈંચ), દ્વારકા તાલુકામાં ૧૭૮૨ મી.મી. (૭૧ ઈંચ), કલ્યાણપુર તાલુકામાં ૧૬૭૪ મી.મી. (૬૭ ઈંચ) અને ભાણવડ તાલુકામાં ૧૧૨૧ મી.મી. વરસાદ નોંધાયો છે. સમગ્ર દેશમાં દ્વારકા જીલ્લો સૌથી વધુ વરસાદ ધરાવતો જીલ્લો બની ગયો છે. સમગ્ર દ્વારકા જીલ્લામાં સતત એકધારો ભારે વરસાદ પડી રહ્યો છે. દ્વારકાના પડોશી જીલ્લા જામનગરમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. જામનગર શહેરમાં પડી રહેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘુસી ગયા છે અને લોકોએ આખી રાત અગાસી પર જાગીને વિતાવી હોવાનું જાણવા મળેલ છે.



**સારા લોકેશનમાં બંગલો વેંચવાનો છે ખુબ જ વ્યાજબી કિંમતમાં**

5 BHK બંગલો વેચવાનો છે. શ્રી રાધાકૃષ્ણનગર, ૩૦ ફુટ મેઈન રોડ, પર આવેલ આશરે ૨૦૦ ચોરસ વાર પ્લોટ ઉપર ત્રણ સાઈડ ઓપન, ફુલ ફર્નિચરવાળો ટાઈટલ ક્લીયર જરૂરીયાતની બધી સગવડતા ધરાવતો અને સરળતાથી રૂપિયા એક કરોડ સુધીની બેન્ક લોન મળી શકે તેવા ટાઈટલ ક્લીયર ડોકયુમેન્ટ, વેલ્યુએશન સાથેનો જાત દેખરેખ નીચે બનાવેલ મોકાનો બંગલો, યોગ્ય કિંમતે વેચવાનો છે.

ભવાનભાઈ આહિર - ૯૬૬૨૫ ૩૫૧૪૬

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

**જન કલ્યાણ ફાર્મ નર્સરી**



પ્લાન્ટેશન તથા બગીચા બનાવવા તથા ગેરેન્ટેડ


કલમ, રોપા, ફળ-ફુલનાં રોપા ઈન દોર, આઉટ ડોર, આયુર્વેદિક રોપા, ચંદન, ડ્રાયફ્રુટ રોપા તથા શાકભાજીના રોપા મળશે

જૂનાગઢથી માત્ર ૫ કી.મી.નાં અંતરે
જૂનાગઢ - મેંદરડા રોડ, મુ. ઈવનગર, તા.જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ડો. રશ્મિ પી. બાલચંદાણી**

Mo. 74859 53500 B.A.M.S., C.C.P.

સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી

ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર

ભગંદર, હરસ–મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર બાળકો માટે સુવર્ણપ્રાશન વ્યસનમુક્તિ સારવાર

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**

M.S. (Ayurved) Shalya

જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

**ૐ આયુર્વેદ હોસ્પિટલ**

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

- હરકયુલિસ સાયકલ
- હીરો સાયકલ
- બીએસએ સાયકલ
- વિકટર ૯૧ સાયકલ
- હિલી સાયકલ
- કોરાડો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- દાસ સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

**ગેલેક્સી**

ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

Since 1983

**શંખ બ્રાન્ડ મસાલા**

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો




ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

# આર.ડી.એન.પી. પ્લસ દ્વારા જન્માષ્ટમી નિમિતે એચ.આઈ.વી પોઝીટીવ બાળકોને મીઠાઈ અને ફરસાણનું વિતરણ કરાયું



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૮

આર.ડી.એન.પી.પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીક્ટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી. આર.ડી.એન.પી.પ્લસ એ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું સામુદાયિક સ્વયંસેવી સ્વૈછિક સંગઠન છે. જેનો મુખ્ય હેતુ જીલ્લામાં એચ.આઈ.વી./ એઈડ્સ સાથે જીવતા લોકો માટે સક્ષમ વાતાવરણ તથા સારસંભાળ અને દવાઓ મળે તેમજ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય તે છે. સંસ્થા દ્વારા પોઝીટીવ લોકો માટે તેમને મદદરૂપ થઈ શકાય તે હેતુથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે જેના ભાગરૂપે તારીખ ૨૪/૮/ ૨૦૨૪ને શનિવારના રોજ રાજકોટ ઓફિસે એચ.આઈ.વી. પોઝીટીવ બાળકો માટે જન્માષ્ટમી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બાળકોને મોહનથાળ, ટોપરાપાક, લાસા લાડવા, ફરસી પુરી, ચકરી, તીખા-મોરા ગાઠીયા, સક્કરપારા, કચોરી, સેવ મમરા, મિક્ષ ચવાણું,નું વિતરણ, કુલ ૫૦ બાળકોને કરવામાં આવ્યું હતું. જેથી બાળકો તહેવારનો આનંદ માણી શકે.

આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યસ્થિત આયોજન આર.ડી.એન.પી પ્લસ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં આપેલ બધી વસ્તુઓ રાજકોટ ના દાતા જેવા કે ગોકુલ નમકીન, હિતેશભાઈ સેલાની, લાભુભાઈ શેભાલીયા, નિકુંજભાઈ પાનસુરીયા, જયેન્દ્રભાઈ ભટ્ટ, રવિભાઈ સોન્દરવા, અમુલ્ય સહયોગ રહ્યો હતો.

# ગુજરાતમાં સૌથી મોટા શ્રી કષ્ટભંજનદેવ ભોજનાલયના ૨૦૦ કિલોવોટની સોલાર પ્લાન્ટનું ઉદ્ઘાટન થયું




સાળંગપુર, તા.૨૮

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ ગ્રીન એનર્જી માટે સોલાર રૂફટોપ સિસ્ટમને પ્રોત્સાહન આપી રહી છે.ત્યારે સ્વામિનારાયણ મંદિર-વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી ગત તા.૨૪-૮-૨૦૨૪ને શનિવારના રોજ ગુજરાતના સૌથી મોટા શ્રી કષ્ટભંજનદેવ ભોજનાલયના ટેરેસ ઉપર ૨૦૦ કિલોવોટના સોલાર પ્લાન્ટનું શુભ ઉદ્ઘાટન જગદિશભાઈ વિશ્વકર્મા-(સહકારીતા મંત્રી-ગુજરાત રાજ્ય), પૂજ્ય કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી-અથાણાવાળા (શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ)ના વરદ્ હસ્તે તેમજ ઈશ્વરભાઈ ધોળકિયા (ફાઉન્ડર, ગોલ્ડી સોલાર)ની ઉપસ્થિતિમાં કરાયું હતું. આ ૨૦૦કિલોવોટના સોલાર પ્લાન્ટ પર ડે ૧ હજાર યુનિટ જનરેટ કરશે જેથી વર્ષે સંસ્થાને ૩૫થી ૪૦ લાખનો ફાયદો થશે.

## FRCએ ફીમાં ૩૦ હજારથી બે લાખ સુધી વધારો કર્યો

# હવે એન્જિનિયરિંગ અને ફાર્મસી કરવું પણ બન્યું મોંઘુ

### એફઆરસી દ્વારા એન્જિનિયરિંગ, ફાર્મસી જેવા ટેકનિકલ કોર્સની ફીમાં પાંચ ટકા વધારો કરવામાં આવ્યો છે




અમદાવાદ, તા.૨૮

મેડિકલનો અભ્યાસ કરવો તો હવે મોંઘો પડવાનો છે અને કદાચ ડોક્ટર બનવું ગરીબ લોકો માટે તો સપનું જ બનીને રહી જવાનું છે. કારણ કે, મેડિકલ અભ્યાસનો ફી વધારો આસમાને પહોંચી ગયો છે. પરંતુ માત્ર મેડિકલનો અભ્યાસ જ નહિ, હવે એન્જિનિયરિંગ અને ફાર્મસીનો અભ્યાસ પણ મોંઘો થયો છે. એફઆરસીએ એન્જિનિયરિંગ, ફાર્મસી જેવા ટેકનિકલ કોર્સની ફીમાં પાંચ ટકા વધારો કર્યો છે. જે અંતર્ગત ૩૭ કોલેજોમાં બે વર્ષ માટે ૪૦ હજારથી બે લાખ સુધીની ફી વધારો જાહેર થયો છે. ફી નિયમન સમિતિ ટેકનિકલે એન્જિનિયરિંગ, ફાર્મસી, આર્કિટેક્ચર, એમબીએ, એમસીએ સહિત ટેકનિકલ કોર્સની કુલ ૪૯ કોલેજોની બે વર્ષ માટે ફી નિયત કરવા અરજીઓ મંગાવી હતી. જે અંતર્ગત કુલ ૩૭ કોલેજોએ હાલની ફીમાં પાંચ ટકાનો વધારો માંગ્યો છે. જે અંતર્ગત તેઓને એ વધારો માન્ય કરવામાં આવ્યો છે. જ્યારે ૪૯ પૈકીની એક કોલેજે અભ્યાસક્રમ બંધ કરી દીધો છે. જ્યારે બાકીની ૧૧ કોલેજોએ પોતાની હાલની ફીની સરખામણીએ પાંચ ટકાથી વધુ ફીનો વધારો માંગ્યો હતો. જે ફી વધારો કરવામાં આવ્યું છે તેમાં સૌથી વધુ અનંત યુનિવર્સિટીના સ્કૂલ ઓફ આર્કિટેક્ચર વિભાગમાં એમઆરકની ફી ૨.૦૮ લાખ જાહેર કરવામાં આવી છે. પહેલા આ કોર્સની ફી રૂપિયા ૧.૯૯ લાખ હતી. એફઆરસી દ્વારા જાહેર કરાયેલી ફીની યાદીમાં ૮ કોલેજોની ફી એક લાખથી વધુ છે. મહત્વનું છે કે, કુલ ૪૯ કોલેજો પૈકી ૧૧ કોલેજ હોય પાંચ ટકાથી વધુ ફી માંગી હોવાથી તેમની ફી હવે પછી જાહેર કરવામાં આવશે. હાલમાં જે પાંચ ટકાની મર્યાદામાં ફી વધારો જાહેર કરવામાં આવ્યો છે તે ૩૭ કોલેજોની યાદીમાં ડિગ્રી એન્જિનિયરિંગની ચાર કોલેજો, ડિગ્રી ફાર્મસીની બે કોલેજો, ડિગ્રી હોટલ મેનેજમેન્ટની એક કોલેજ, ડિપ્લોમા એન્જિનિયરિંગની બે કોલેજ, ડિપ્લોમા આર્કિટેક્ચરની એક કોલેજ, ડિપ્લોમા હોટલ મેનેજમેન્ટની એક કોલેજ, માસ્ટર ઓફ એન્જિનિયરિંગની ચાર કોલેજ, માસ્ટર બિઝનેસ મેનેજમેન્ટની સાત કોલેજ, માસ્ટર કમ્પ્યુટર એપ્લિકેશનની આઠ કોલેજનો સમાવેશ થાય છે.

## PDPના વડાં મહેબૂબા મુફ્તીની જાહેરાત

# ૨૦૦ યુનિટ ફ્રી વીજળી અને ગરીબોને વર્ષમાં ૧૨ સિલિન્ડર

### જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજવામાં આવશે : મહેબૂબા મુફ્તીના સ્થાને તેમની પુત્રી ચૂંટણી લડશે

જમ્મુ, તા.૨૮

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) વડાં મહેબૂબા મુફ્તીએ શ્રીનગરમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે, 'અમે સમાધાન અને વાતચીત ઈચ્છીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે PoJKમાં શારદા પીઠ તીર્થસ્થળનો રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી કાશ્મીરી પંડિતો ત્યાં જઈ શકે.' આ ઉપરાંત તેમણે જમ્મુ-કાશ્મીરમાં મંદિરો, મસ્જિદો અને દરગાહને ફ્રી વીજળી આપવાની પણ જાહેરાત કરી હતી.

પીડીપીના વડાં મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અમે ૨૦૦ યુનિટ સુધી ફ્રી વીજળી આપીશું, અમે પાણી પરનો ટેક્સ નાબૂદ કરવા માંગીએ છીએ, પાણી માટે મીટર ન હોવા જોઈએ. ગરીબો માટે કે જેમના ઘરમાં ૧થી ૬ લોકો છે, અમે મુફ્તી મોહમ્મદ સઈદ યોજના ફરીથી લાગુ કરવા માંગીએ છીએ. અમે એક વર્ષમાં ગરીબોને ૧૨ સિલિન્ડર આપીશું અને વૃદ્ધાવસ્થા પેન્શન અને વિધવા પેન્શનને પણ બમણું કરીશું.' મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અનુચ્છેદ ૩૭૦ એ જમ્મુ-કાશ્મીર અને બાકીના દેશ વચ્ચેનો સેતુ હતો, પરંતુ તે પુલ હવે જતો રહ્યો છે. ભાજપ સરકારે અલગતાવાદીઓને જેલમાં ધકેલી દીધા છે. તેઓએ યાદ રાખવું જોઈએ કે તેમના જ નેતાઓ અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી યાસીન મલિક, શબ્બીર શાહ અને મીરવાઈઝ ફારૂકને મળ્યા હતા. તેને જેલમાં નાખવો એ કોઈ ઉકેલ નથી, કાશ્મીરનો મુદ્દો હજુ જીવીત છે, નહીંતર એન્જિનિયર રાશિદ જીત્યા ન હોત.' ઉલ્લેખનીય છે કે, આ વખતે પીડીપી વડાં મહેબૂબા મુફ્તીના સ્થાને તેમની પુત્રી ઈલ્તિજા મુફ્તી ચૂંટણી લડી છે. ઈલ્તિજા મુફ્તી બિજબિહારા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. મહેબૂબા મુફ્તીએ આ સીટ પરથી ૧૯૯૬માં પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડી હતી.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. પહેલા તબક્કાનું મતદાન ૧૮મી સપ્ટેમ્બર, બીજા તબક્કાનું મતદાન ૨૫મી સપ્ટેમ્બર અને ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઑક્ટોબરે થશે. પરિણામ ચોથી ઑક્ટોબરે જાહેર થશે.

# અંબાજી ભાદરવી પૂનમના મેળાના એક્શન પ્લાન સંદર્ભે મીટિંગ યોજાઈ

અંબાજી, તા.૨૮

બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી તા.૧૨ સપ્ટે. થી તા.૧૮ સપ્ટે. ૨૦૨૪ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાનાર છે. જે અંતર્ગત આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં એક્શન પ્લાન અંગે કલેકટર કચેરી પાલનપુર ખાતે મિટિંગ યોજાઈ હતી.ભાદરવી પૂનમ મહામેળામાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ પગપાળા તથા વાહનો મારફત આવનાર હોઈ મેળામાં આવતા યાત્રિકોને કોઈ મુશ્કેલી ન પડે અને મેળાની કામગીરી સુવ્યવસ્થિત રીતે થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વિભાગોને અલગ-અલગ કામગીરી સોંપવામાં આવેલ છે. અત્રેની મિટિંગમાં આ કામગીરી સુનિશ્ચિત ઢબે અને એક બીજાના સંકલનમાં રહીને થાય તે માટે દરેક વિભાગે બનાવેલ એક્શન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. આ મિટિંગમાં કલેકટર મિહિર પટેલે આરોગ્ય, સફાઈ, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, કાયદો અને સલામતી, પાર્કિંગ અને ટ્રાફિકની વ્યવસ્થા,રોડની મરામત અને સમારકામ જેવા વિવિધ વિભાગોને સોંપવામાં આવેલ કામોની સમીક્ષા કરી કેટલાક સૂચનો કર્યા હતા.કલેકટરે સમગ્ર મેળા દરમિયાન યાત્રિકોને કોઈપણ મુશ્કેલી ન પડે અને બધી સુવિધાઓ સરળતાથી મળી રહે તેના પર ખાસ ભાર મૂક્યો હતો.

## ભેસાણમાં આવતીકાલે નેત્ર નિદાન કેમ્પનું આયોજન

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૮

ભેસાણમાં શ્રી પુરૂષોત્તમલાલજી ગૌ શાળા કમીટી દ્વારા આવતીકાલ તા.૨૯ને ગુરૂવારના રોજ અહીંની ગૌસેવા સમાજ વાડી ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં વિનામૂલ્ય નિદાન, ઓપરેશન તેમજ નેત્રમણી આરોપણની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# ધરમપુરની શાળામાં ગાય પૂજનની પરંપરા સાથેના સંસ્કારો અપાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં આવેલી પ્રેસિડેન્ટ શાળામાંગાયની પૂજન તેમજ કૃષ્ણ જન્મના વધામણા સાથેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ખંભાળિયા નજીક આવેલી ધી પ્રેસિડેન્ટ શાળા ખાતે બાળકોમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાંથી શિક્ષા મળે અને બાળકોમાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી તાજેતરમાં ગાય માતાની પૂજા, પ્રદક્ષિણા કરાવી તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ આયોજનમાં શાળાના બાળકો લિટલ ક્રિષ્ના, રાધિકા, ગોપી, નંદ, યશોદા જેવા પાત્રોમાં સજ્જ બનતા ગોકુળિયો માહોલ જોવા મળ્યો હતો. શાળા પરિસરમાં ગાય-વાછરડાનું પૂજન તેમજ પ્રદક્ષિણા વડીલોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જન્મના વધામણા સાથે "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી..." થીમ જોવા મળી હતી. આ સમગ્ર આયોજનમાં હર્ષોલ્લાસ સાથેના દિવ્ય વાતાવરણમાં બાળકો સાક્ષાત કૃષ્ણ રાધિકા સ્વરૂપે જોવા મળ્યા હતા. જે માટે શાળાના હેડ પ્રિન્સિપલ ચંદુભાઈ તેમજ શાળાના ડાયરેક્ટર માહીસર દ્વારા સંસ્કાર સિંચન તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.

# તા.૨૫ ઓગષ્ટથી તા.૨ સપ્ટેમ્બર -૨૦૨૪ રાષ્ટ્રીય નેત્રદાન સપ્તાહની ઉજવણી


૨૫ ઓગસ્ટ ૨૦૨૩ છે. આજની તારીખના ઈતિહાસની વાત કરીયે તો ભારતમાં ૨૫ ઓગસ્ટથી રાષ્ટ્રીય નેત્રદાન સપ્તાહની ઉજવણી કરાય છે. ડબ્લ્યુએચઓના આંકડા અનુસાર ભારતમાં ૧.૫ કરોડ લોકો અંધ છે. આથી ભારતમાં નેત્રદાન અંગે લોકોમાં જાગૃતિ લાવવા હેતુ નેત્રદાન સપ્તાહની ઉજવણી કરાય છે.

રાષ્ટ્રીય નેત્રદાન સપ્તાહ (**National eye donation week** ૨૦૨૩) તા.૨૫ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ઉજવાય છે. લોકોને નેત્રદાન માટે પ્રોત્સાહિત કરવા અને આંખના પ્રત્યારોપણ અથવા નેત્રદાન સંબંધિત વિવિધ ગેરસમજોને દૂર કરવાના ઉદ્દેશ્ય દર વર્ષે આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય નેત્રદાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. નેત્રદાન એટલે મૃત્યુ પછી કોઈ વ્યક્તિને ચક્ષુદાન કરવું. નેત્રદાન એક પ્રકારનું દાન છે, જે મૃત્યુ પછી અન્ય અંધ વ્યક્તિને જોવામાં મદદ કરે છે. જેવું કે લોકો માને છે કે તે આંખોનું ટ્રાન્સપ્લાન્ટ છે, પરંતુ તેમ થતું નથી. આ કોર્નિયાનું દાન છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના આંકડા અનુસાર ભારતમાં લગભગ ૧.૫ લોકો દ્રષ્ટિહીન છે. જ્યારે ૧.૫ કરોડથી વધારે લોકો આંખ સંબંધિત કોઈને કોઇ બીમારીથી પીડિત છે. આથી જો સ્વસ્થ વ્યક્તિની આંખોનું દાન કોઈ અંધ કે દ્રષ્ટિબાધિત વ્યક્તિને કરવામાં આવે તો તેના જીવનમાં ફરી અજવાળું થશે.આજે ચંદ્ર ઉપર પગ મૂકનાર દુનિયાના પ્રથમ અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગની પુણ્યતિથિ છે, તેમનું અવસાન વર્ષ ૨૦૧૨માં અમેરિકામાં થયું હતું. જાણો ઈતિહાસની તવારીખમાં બનેલી આજના દિવસની મહત્વપૂર્ણ ઘટનાઓ વિશે.

- ડો.જી.આર.ગોહિલ



એક તરફતું શ્રાવણ માસના ઉપવાસને એકટાણા કરે છે અને પાછો શ્રાવણીયો જુગાર રમે છે પછી તો હારી જવાય ને !



તમારા સાથે લગ્ન કર્યા એજ મારી જીંદગીની જુગારની મોટી બાજી ગણાય !



પ્રધાન મંડળમાં સ્થાન ન મળ્યું ! શ્રાવણ માસનું વ્રત કર કંઈક લાભ થશે !

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ધાન્યની ખેતી અને ગ્લોબલ વૉર્મિંગ

ચોખા આખી દુનિયામાં ઉગાડાતા અને ખવાતા એક મુખ્ય ખાદ્યાન્ન પાક છે. ચીન દુનિયાનું સૌથી મોટું ચોખા ઉત્પાદક, જ્યારે ભારત સૌથી મોટું નિકાસકાર છે. બંગાળ, ઉત્તર પ્રદેશ અને પંજાબ મળીને દેશના કુલ ૩૬ ટકા ચોખાનું ઉત્પાદન કરે છે. દર વર્ષે ચોમાસાના આગમન સાથે જ વિભિન્ન હિસ્સામાં ધાન્યની રોપણી શરૂ થઈ જાય છે. ધાન્ય એક ખરીફ પાક છે. તેને પેદા કરવા માટે વધારે પાણીની જરૂર પડે છે. જોકે એ પણ વિચારણીય છે કે ધાન્યની ખેતી મોટા પાયે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન અને જળવાયુ પરિવર્તન માટે પણ જવાબદાર છે.

એશિયાઈ વિકાસ બેંક અનુસાર, ધાન્યની ખેતીથી આઠ ટકા કૃષિ ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન થાય છે. તેની ખેતી વિભિન્ન સ્તરો પર પર્યાવરણ માટે ખતરો પેદા કરે છે. પાણીથી છલોછલ ભરેલા ધાન્યનાં ખેતરો તથા તેમાં વપરાતા રાસાયણિક ખાતરો પણ મિથેન ઉત્સર્જનના મોટા સ્રોત છે. જ્યારે ડાંગર થઈ ગયા બાદ તેના ભાસા અને ખેતરોમાં પરાળ બાળવાથી મિથેન સહિત કેટલાય ઝેરી ગેસો ઉત્સર્જિત થાય છે. અસલમાં ધાન્યનાં ખેતરોમાં પાણી ભરાઈ જવાથી માટીમાં ઓક્સિજનની માત્રા ઘટવા લાગે છે, જેનાથી મિથેન પેદા કરનારા બેક્ટીરિયા સક્રિય થઈ જાય છે.

'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ' અનુસાર, દુનિયાભરમાં માત્ર ચોખાની પેદાશ વૈશ્વિક મિથેન ઉત્સર્જનના લગભગ ૧૨ ટકા તથા કુલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનના ૧.૫ ટકા હિસ્સા માટે જવાબદાર છે. વિયેતનામમાં સમગ્ર પરિવહન ક્ષેત્રથી જેટલી માત્રામાં ગ્રીનહાઉસ ગેસોનું ઉત્સર્જન થાય છે, તેનાથી ક્યાંય વધુ ઉત્સર્જન ડાંગરની ખેતીથી થાય છે. મિથેન એક મુખ્ય શક્તિશાળી ગ્રીનહાઉસ ગેસ છે, જે ગ્લોબલ વૉર્મિંગમાં યોગદાન આપે છે. તે કાર્બન ડાયોક્સાઈડની તુલનામાં ૩૦ ગણું વધારે શક્તિશાળી છે. મિથન જ્યારે એક વખત વાયુમંડળમાં પ્રવેશકરે છે, તો લગભગ એક દાયકા સુધી ત્યાં જ રહે છે. જોકે ધાન્યની ખેતીની ટેકનિકમાં બદલાવ લાવીને તેને પર્યાવરણ માટે ઓછું હાનિકારક બનાવી શકાય છે અને તેનાથી ખેડૂતોના જીવનને પણ સુધારી શકાય છે. વૈકલ્પિક ભીનાશ અને સૂકા પદ્ધતિ અપનાવીને મિથેન ઉત્સર્જનને ૪૮ ટકા સુધી ઓછી કરી શકાય છે. આ ટેકનિક અંતર્ગત ધાન્યનાં ખેતરોમાં હંમેશાં પાણી ભરવાને બદલે સમયે સમયે ખેતરોમાંથી પાણી કાઢવામાં આવે છે અને ફરીથી જરૂર પડ્યે પાણી ભરવામાં આવે છે. વિયેતનામ, કોલંબિયા અને બાંગ્લાદેશમાં આ પદ્ધતિ લોકપ્રિય છે. મિથેનના નુકસાન વિશે ખેડૂતોને પણ જાગૃત કરવાની જરૂરિયાત છે. એકંદરે જળવાયુ પરિવર્તનના ખતરાનો સામનો કરવા માટે ધાન્યની નવી પદ્ધતિથી કરાતી ખેતી મોટું યોગદાન કરી શકે તેમ છે.

### વતનમાં થઈ રહ્યા છે હોમ-હવન

# સ્પેસમાં ફસાયેલી મહેસાણાની દીકરી માટે વતનમાં પ્રાર્થનાનો દોર શરૂ



## અવકાશયાત્રી સુનિતા વિલિયમ અવકાશમાં અટવાઈ છે જેની સૌથી વધુ ચિંતા તેના વતનવાસીઓમાં જોવા મળી રહે છે

મહેસાણા, તા.૨૮

નાસાએ જાહેર કર્યું છે કે અવકાશમાં ફસાયેલ સુનિતા વિલિયમ આગામી ફેબ્રુઆરી ૨૦૨૫ માં પરત ફરી શકે છે. અવકાશયાત્રી સુનિતા વિલિયમ અવકાશમાં અટવાઈ છે જેની સૌથી વધુ ચિંતા તેના વતનવાસીઓમાં જોવા મળી રહે છે સુનિતા વિલિયમ્સના વતન એવા મહેસાણાના ઝુલાસણ ગામે અત્યારે હોમ હવન પ્રાર્થના અને રામધૂન કરી સુનિતા વિલિયમ્સ સત્વરે સહી સલામત પરત ફરે એવી પ્રાર્થના કરવામાં આવી રહી છે.

છેલ્લા ઘણા સમયથી અવકાશમાં ફસાયેલી સુનિતા વિલિયમ્સ માટે સૌ કોઈ ચિંતા કરી રહ્યું છે ત્યારે સૌથી વધુ ચિંતા તો સુનિતા વિલિયમ્સના વતનવાસીઓ કરી રહેલા જોવા મળી રહ્યા છે મહેસાણાના ઝુલાસણ ગામની વતની સુનિતા વિલિયમ્સ ના આ વતનમાં હવન હોમ પ્રાર્થના અને રામધુન કરી સુનિતા વિલિયમ્સના સ્વાસ્થ માટે અને સત્વરે પરત ફરે તેના માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે. ઝુલાસણ ગામના નીલકંઠ મહાદેવ મંદિરમાં દર રવિવારે લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવી રહ્યો છે તો રોજ સાંજે પ્રાર્થના રામધૂન અને ભજન પણ કરવામાં આવી રહ્યા છે.

અગાઉ નાસાએ જાહેર કર્યું હતું કે ૧૩ જુને સુનિતા વિલિયમ્સ પરત ફરશે પરંતુ ટેકનિકલ ખામીને કારણે હજુ સુધી સુનિતા વિલિયમ્સ પરત કરી શકી નથી ત્યારે હવે ફરીથી નાસાએ જાહેર કર્યું છે કે સુનિતા વિલિયમ્સ આગામી ફેબ્રુઆરી ૨૦૨૫ માં પરત ફરશે. ત્યારે ગ્રામજનોની લાગણી છે કે સુનિતા વિલિયમ્સ ફેબ્રુઆરીમાં નહીં પરંતુ તેની પહેલા જાન્યુઆરી કે ડિસેમ્બરમાં જ ધરતી પર પરત ફરે.

ઝુલાસણ ગામ અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સનું પૈતૃક ગામ છે. સુનિતા વિલિયમ્સ આ ગામમાં દોલા માતાજી મંદિરનાં દર્શન કરવા આવી ચૂક્યાં છે. સુનીતા વિલિયમ્સ જ્યારે પોતાની અંતરિક્ષયાન યાત્રા પર હતાં એ દરમિયાન યાનમાં ખામી સર્જાઈ હતી. એ દરમિયાન ઝુલાસણના લોકોએ ભેગા મળીને આ મંદિરે સુનિતા વિલિયમ્સ માટે અખંડ જ્યોત અને ધૂન બોલાવી હતી. ત્યાર બાદ સુનિતા વિલિયમ્સ સફળતાપૂર્વક પોતાના યાન સહિત ધરતી પર આવ્યાં હતાં અને ત્યાર બાદ ઝુલાસણ ખાતે દાંલા માતાનાં દર્શન કરવા પહોંચ્યા હતા. ત્યારે ફરીથી સુનિતા વિલિયમ્સ અવકાશમાં અટવાઈ જતા પવિત્ર શ્રાવણ મહિનામાં વતનવાસીઓ સુનિતા વિલિયમ્સ માટે પ્રાર્થના કરી રહ્યા છે. તો ગામની દીકરીઓ પણ સુનિતા વિલિયમ્સની જેમ અવકાશયાત્રી એટલે કે એસ્ટ્રોનોટ બનવા સપના સેવી રહી છે.

આમ આજે સમગ્ર દેશ દુનિયાની નજર અવકાશમાં છે કે સ્પેસ મિશન પર ગયેલ સુનિતા વિલિયમ્સનું સ્વાસ્થ્ય પણ સારું રહે અને સુનિતા વિલિયમ્સ ક્યારે સહી સલામત પરત ફરે. જોકે દેશ દુનિયા કરતાં પણ સૌથી વધુ ચિંતા તેના વતનવાસીઓ ઝુલાસણ ગામજનો કરી રહેલા નજરે પડી રહ્યા છે.

હવે આશા રાખીએ કે નાસા દ્વારા ચોથી વખત ફેબ્રુઆરી ૨૦૨૫ માં સુનિતા વિલિયમ પરત ફરે તેવી જાહેરાત કરાઈ છે તે મુજબ સુનિતા વિલિયમ્સ પરત પણ આવી જાય.

# ખતરનાક છે ૧૫૬ દવાઓ, મોદી સરકારે લગાવ્યો પ્રતિબંધ

## ભારત સરકારના આ પગલાંની નાની ફાર્માસ્યુટિકલ કંપનીઓ પર વધુ અસર થવાની શક્યતા રહેલી છે

નવી દિલ્હી, તા.૨૮

ભારત સરકારે દર્દીઓના હિતોની રક્ષા માટે ફાર્માસ્યુટિકલ સેક્ટર પર મોટી કાર્યવાહી કરી છે. ભારત સરકારે આ કાર્યવાહી અંતર્ગત ૧૫૬ ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન ડ્રગ્સ (FDCs) પર તાત્કાલિક પ્રભાવથી બેન લગાવી દીધો છે. જણાવી દઈએ કે, જે દવાઓમાં એક ફિક્સ રેશિયોમાં ૨ કે તેથી વધુ એક્ટિવ ફાર્માસ્યુટિકલ્સ ઈન્ગ્રીડિયન્ટ્સ (APIs)નું કોમ્બિનેશન હોય છે, તેને ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન ડ્રગ્સ કહેવામાં આવે છે. તેને 'કોકટેલ દવાઓ' પણ કહેવામાં આવે છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચનામાં કહેવામાં આવ્યું છે કે, "ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓ મનુષ્યો માટે ખતરો બની શકે છે, જ્યારે પ્રતિબંધિત દવાઓના સલામત વિકલ્પો ઉપલબ્ધ છે." સરકારનું કહેવું છે FDC ઈરરેશનલ છે. આ દવાઓનો ઉપયોગ કરવાથી માનવીઓમાં જોખમ ઊભું થઈ શકે છે. સરકારે કહ્યું કે, બજારમાં તેના સુરક્ષિત વિકલ્પો ઉપલબ્ધ છે. આ પ્રતિબંધિત ડ્રગ્સમાં નેફાઝોલિન (આંખમાં બળતરાના કારણે લાલાશ) ધરાવતી ૨૦થી વધુ દવાઓ અને ૧૦થી વધુ ગ્લુકોસામાઈન સલ્ફેટ ધરાવતી દવાઓનો સમાવેશ થાય છે. ગ્લુકોસામાઈન સલ્ફેટ મોટાભાગે સાંધાની દવાઓમાં વપરાય છે.

આ થેરાપ્યુટિક સેગમેન્ટ સાથે સંબંધિત છે દવાઓ:

- દુખાવા/તાવમાં રાહત આપતી દવાઓ
- એલર્જીની દવાઓ
- એન્ટિબાયોટિક્સ
- એસિડિટી/ઉબકા (Nausea)
- જોઈન્ટ/સંધિવા (Joint/arthritis)
- હેલ્થ સપ્લિમેન્ટ્સ

કેટલીક સ્ટેટ લાઈસન્સિંગ ઓથોરિટીઝે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)ની મંજૂરી વિના ઘણા FDCs માટે મેન્યુફેક્ચરિંગ લાઈસન્સ જાહેર કરી દીધા હતા. જેથી ઘણી ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓ બજારમાં ઉપલબ્ધ થઈ ગઈ હતી, જેની કાર્યક્ષમતા અને સુરક્ષા માટે કોઈ પરીક્ષણ કરવામાં આવ્યું નહોતું. જેના કારણે દર્દીઓ માટે ખતરો ઊભો થયો હતો.

આ પહેલાં માર્ચ ૨૦૧૬માં ભારત સરકારે ૩૪૪ કોમ્બિનેશન ડ્રગ પર પ્રતિબંધ લગાવ્યો હતો. ત્યારબાદ જૂન ૨૦૨૩માં ભારત સરકારે ખાંસી અને શરદી માટે ઉપયોગમાં લેવાતી દવાઓ સહિત ૧૪ ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓ પર પ્રતિબંધ મૂક્યો હતો.

ભારત સરકારના આ પગલાંથી નાની ફાર્માસ્યુટિકલ કંપનીઓ પર વધુ અસર થવાની શક્યતા છે, કારણ કે મોટી કંપનીઓ ઈરરેશનલ ૃઢઢઝજ બનાવવા અંગે ઘણી સાવચેતી રાખે છે. કંપનીઓ હાલ બીજી સુરક્ષિત અને મંજૂર કોમ્બિનેશન ઓફ ડ્રગ્સ તૈયાર કરવા માટે નવીનતાની મદદ લઈ રહી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી

# ત્રણ વીજ મથકોમાં ૮૦૦ મેગાવોટના સુપર ક્રિટિકલ થર્મલ પાવર એક્સટેન્શનની મંજૂરી

અમદાવાદ, તા.૨૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ત્રણ વીજ મથકોમાં ૮૦૦ મેગાવોટના સુપર ક્રિટિકલ થર્મલ પાવર એક્સટેન્શનની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, સિક્કા થર્મલ પાવર સ્ટેશન અને ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન એમ પ્રત્યેક TPSમાં ૮૦૦ મેગાવોટના આવા પ્લાન્ટ સ્થપાતા રાજ્યની હાલની કુલ ૫૩૩૬૮ મેગાવોટની ઈન્સ્ટોલ્ડ કેપેસિટીમાં ૨૪૦૦ મેગાવોટનો વધારો થશે.

હાલ ૨૪૯૬૨ મેગાવોટ પરંપરાગત અને ૨૮૪૦૬ મેગાવોટ બિન પરંપરાગત ઉર્જા ઉત્પાદનની કુલ ૫૩૩૬૮ મેગાવોટ ઈન્સ્ટોલ્ડ કેપેસિટી રાજ્ય ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ સૂચિત કન્વેન્શનલ પાવર પ્રોજેક્ટસની સ્થાપના દ્વારા સ્ટેટ ઓફ ધ આર્ટ પાવર જનરેશન ફેસીલીટીસ એન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું લક્ષ રાખ્યું છે.

રાજ્યમાં ૨૦૨૧-૨૨ના વર્ષમાં માથાદીઠ વીજ વપરાશ ૨,૨૮૩ યુનિટ હતો તે વધીને ૨૦૨૨-૨૩માં ૨૪૦૨.૪૯ યુનિટનો થયો છે. આમ, ઉત્તરોત્તર વધતા જતા માથાદીઠ વીજ વપરાશની જરૂરિયાતને પહોંચી વળવાના હેતુથી આ લિગ્નાઈટ એન્ડ કોલ બેઝ્ડ સુપર ક્રિટિકલ થર્મલ પાવર એક્સટેન્શન જરૂરી બન્યા છે. આ પ્લાન્ટમાં ઊર્જાના સ્રોત તરીકે ડોમેસ્ટિક કોલનો ઉપયોગ કરાશે. હવાની ગુણવત્તા પર અસર ઘટાડવા એડવાન્સ્ડ ઈમિશન કન્ટ્રોલ સિસ્ટમ અને હાઈ એફિશિયન્સી એર પોલ્યુશન કંટ્રોલ ઈક્વિપમેન્ટનો ઉપયોગ થશે. એટલું જ નહીં, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ GSECL કોંપ્રિહેન્સીવ વેસ્ટ મેનેજમેન્ટ સ્ટ્રેટેજીસનો પણ અમલ કરશે. કોલ બેઝ્ડ પાવર પ્લાન્ટ રાજ્યમાં નોન સોલાર અવર્સ તથા દુષ્કાળનો સમય, ઓછો પવન, ગેસની ઓછી ઉપલબ્ધિ વગેરે આકસ્મિક જરૂરિયાતો સમયે ઉપયોગી બની રહે છે. ઉર્જા સુરક્ષા સાથે ગ્રાહકોને સતત વિશ્વસનીય પુરવઠો પૂરો પાડવા માટે રિન્યુએબલ એનર્જી સાથોસાથ કોલ બેઝ્ડ પાવર પ્લાન્ટ પણ જરૂરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બધી જ બાબતોના સર્વગ્રાહી અભ્યાસ અને વિચારણા પછી ૮૦૦ મેગાવોટના એક એમ ત્રણ સુપર ક્રિટિકલ થર્મલ પાવર એક્સટેન્શનને સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આમ ગાંધીનગર , સિક્કા અને ઉકાઈ ત્રણેય પાવર પ્લાન્ટ મળીને આ વધારાના ૨૪૦૦ મેગાવોટ સાથે રાજયની કુલ સ્થાપિત ક્ષમતા ૫૫૭૬૮ મેગાવોટ થશે. આ સૂચિત પ્રોજેક્ટ દ્વારા અંદાજે ૩ હજાર જેટલા રોજગાર અવસરો ઊભા થઈ શકશે.

### બેઉ સંતાનો પાલક પિતા અને માસી સાથે રહીને ઉછરતાં હતા

# કચ્છમાં દીકરી પર બળાત્કાર ગુજારનાર પાલક પિતાને જનમટીપની સજા ફટકારાઈ

ભૂજ, તા.૨૮

કચ્છના અંજારમાં બીજી વાર લગ્ન કરનારી પત્ની ત્રીજા શખ્સ સાથે ભાગી ગઈ ત્યારે તેની દીકરીને મોટી કરનાર પાલક પિતાએ નજર બગાડી હતી. માતા વગરની કિશોર વયની દીકરી પર પાલક પિતાએ વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ ગુનામાં અંજારની ખાસ પોક્સો કોર્ટે પાલક પિતાને જન્મટીપની ધાક બેસાડતી સજા ફટકારી છે. આ કેસની વિગત એવી છે કે, ગત ૫મી જૂલાઈ ૨૦૨૦ના રોજ અંજાર પોલીસ સ્ટેશનમાં પાલક પિતા વિરુધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ગુનાનો ભોગ બનનાર દીકરીની માતા પોતાના પહેલાં પતિને ત્યજીને આરોપી પાસે તેની પત્ની તરીકે રહેવા માંડી હતી. ફરિયાદ કરનાર આ પીડિતા તે સમયે માતાના ગર્ભમાં હતી. દીકરી બાદ દીકરાનો જન્મ થયાનાં બે ત્રણ વર્ષ બાદ પીડિતાની માતા બેઉ સંતાનોને ત્યજીને ફરી ત્રીજા શખ્સ સાથે ક્યાંક ભાગી ગઈ હતી. આ બેઉ સંતાનો પાલક પિતા અને માસી સાથે રહીને ઉછરતાં હતા. આરોપી અને તેનો પરિવાર ભુજ અને અંજાર તાલુકામાં ખેતરમાં ભાગિયા તરીકે વાવેતર કરતો અને વાડીની ઓરડીએ રહેતો.

બનાવ સમયે આરોપીએ અંજાર પાસેના ગામે ભાગિયા તરીકે વાડીમાં કપાસના વાવેતરનું કામ રાખેલું હતું. બેઉ ભાઈ-બહેનો આખો દિવસ વાડીમાં પિતા જોડે ખેતમજૂરી કરતાં. એક દિવસ પીડિતા ઓરડીમાં એકલી હતી ત્યારે આરોપીએ તેની પાસે આવીને અઘટિત માંગણી કરેલી. દીકરીએ ઈન્કાર કરતાં તેણે તેને મારી નાખવાની ધમકી આપી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારપછી પાલક પિતા અવારનવાર દીકરી સાથે શારીરિક સંબંધ બાંધવા માંડ્યો હતો.

એક દિવસ આરોપીએને દીકરી સાથે દુષ્કર્મ કરતાં વાડીમાલિક જોઈ જતાં તેણે તેમને વાડીએથી હાંકી કાઢેલાં. પાલક પિતા અને દીકરી બેઉ વતન પહોંચેલાં. વતનમાં ગયા બાદ દીકરીએ પાલક પિતાની હેવાનિયત અંગે અન્ય સ્વજનોને વાત કરતાં ઘૃણાસ્પદ બનાવ બહાર આવ્યો હતો. આ કેસમાં ૨૦ સાક્ષી અને ૫૦ દસ્તાવેજી આધાર પૂરાવા તથા બંને પક્ષની દલીલો સાંભળ્યાં બાદ પોક્સો કૉર્ટના વિશેષ જજ કમલેશ કે. શુક્લએ આરોપીને પોક્સો એક્ટ તળે આજીવન કેદ સાથે ૩૦ હજારનો દંડ ફટકાર્યો છે. કોર્ટે ગુનાનો ભોગ બનનાર પીડિતાને દંડની રકમ ઉપરાંત પાંચ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નિરાશા નિર્બળતાનું ચિહ્ન છે.

- સ્વામી રામતીથ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૧૦ બુધ પૂજન તા.૨૮ ઓગષ્ટ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૨૩, મૃગશીર્ષ નક્ષત્ર, વજ્ર યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૩, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અટકેલા કાર્યોમાં પ્રગત્તિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.
વૃષભ:સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મીક મુસાફરી થાય.
મિથુન:નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.
કર્ક: લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.
સિંહ: પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કન્યા: વ્યર્થ ખર્ચ પર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
તુલા: આકસ્મીક ધનલાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
વૃશ્ચિક:વાહન-જમીનથી લાભ થાય. જીવસાથીથી વિશેષ સ્નેહ રહે.
ધન: માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મકર: સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કુંભ: ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
મીન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

### સરકારી કર્મચારીઓને મોદી સરકારની મોટી ભેટ

# સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમને મંજૂરી આપી

## ૧૦ વર્ષ સુધી સરકારી નોકરી કરનારને ૧૦,૦૦૦ પેન્શન મળશે : ૨૫ વર્ષ સુધી કામ કરનારાઓને સંપૂર્ણ પેન્શન

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્રની મોદી સરકારે સરકારી કર્મચારીઓને મોટી ભેટ આપી છે. નવી પેન્શન સ્કીમમાં સુધારની માંગ પર ધ્યાન આપતા સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમને મંજૂરી આપી છે. નવી પેન્શન સ્કીમમાં સુધારની સતત માંગ ઉઠી રહી હતી. તેને લઈને ડોક્ટર સોમનાથ કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીએ વિસ્તારથી લોકો સાથે ચર્ચા કરી હતી. હકીકતમાં આજ શનિવાર (૨૪ ઓગસ્ટ) એ કેન્દ્રીય કેબિનેટ બ્રીફિંગ વિશે જાણકારી આપતા કેન્દ્રીય સૂચના પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં યુનિફાઇડ પેન્શન સ્કીમની જાહેરાત પણ સામેલ છે. નોકરી બાદ મળનારા પેન્શનને ધ્યાનમાં રાખતા આ સ્કીમને લાવવામાં આવી રહી છે.

ખરેખર, સરકાર દ્વારા જાહેર કરાયેલી પેન્શન યોજના ૧ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત ૧૦ વર્ષ સુધી સરકારી નોકરી કરનારને ૧૦,૦૦૦ રૂપિયાનું પેન્શન મળશે. ૨૫ વર્ષ સુધી કામ કરનારાઓને સંપૂર્ણ પેન્શન આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું- વિપક્ષ માત્ર ઓલ્ડ પેન્શન સ્કીમ (ઓપીએસ) ને લઈને રાજનીતિ કરે છે. વિશ્વભરના દેશોમાં શું સ્કીમ છે તેને જોયા બાદ તમામ લોકો સાથે ચર્ચા કર્યા બાદ આ કમિટીએ યુનિફાઇડ પેન્શન સ્કીમી સલાહ આપી છે. કેબિનેટે યુનિફાઇડ પેન્શન સ્કીમને મંજૂરી આપી છે. કર્મચારીઓ તરફથી એશ્યોર્ડ અમાઉન્ટની માંગ કરવામાં આવી રહી હતી. તેમણે જાણકારી આપતા કહ્યું- "પેન્શનરોને ૫૦ ટકા ખાતરીપૂર્વકનું પેન્શન આપવામાં આવશે. નિવૃત્તિ પહેલાંના ૧૨ મહિનાની સરેરાશ મૂળભૂત પગારના ૫૦ ટકા હશે. આ પેન્શન ૨૫ વર્ષની સેવા પછી જ આપવામાં આવશે. NPSની જગ્યાએ હવે સરકાર યુનિફાઇડ લાવી રહી છે. એટલે કે સરકારે ઓલ્ડ પેન્શન સ્કીમનો રસ્તો કાઢ્યો છે. જો કોઈ પેન્શનભોગીનું નિધન થાય છે તો તેના પરિવારને કર્મચારીના મોતના સમય સુધી મળનાર પેન્શનના ૬૦ ટકા પરિવારને મળશે. જો કોઈ ૧૦ વર્ષ બાદ નોકરી છોડી દે તો ૧૦ હજાર રૂપિયા પેન્શન મળશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આજે કેન્દ્રીય મંત્રીમંડળે સરકારી કર્મચારીઓ માટે યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS) ને મંજૂરી આપી છે. આ યોજનાથી કેન્દ્ર સરકારના લગભગ ૨૩ લાખ કર્મચારીઓને લાભ થશે. કર્મચારીઓ પાસે NPS અને UPS માંથી કોઈ એકને પસંદ કરવાનો વિકલ્પ હશે.

## ભાવનગરમાં રેડ એલર્ટ વચ્ચે ભારે પવન સાથે અવિરત વરસાદ

ભાવનગર, તા.૨૮ : આદ્રા નક્ષત્રમાં ગોહિલવાડ પર મેઘરાજા મન મુકીને વરસ્યા નહોતા પરંતુ મઘા નક્ષત્રમાં ભાવનગર પર મેઘરાજા મન મુકીને વરસી રહ્યાં હોય તેમ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી અને શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઝરમરથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભાવનગરમાં એનડીઆરએફની એક ટીમ આવી હતી પરંતુ ખાસ વરસાદ નહી વરસતા ટીમ પરત ચાલી ગઈ હતી. હાલની સ્થિતિએ ભાવનગરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# કંગના રણૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ને પગલે પંજાબમાં ભડકો, ફિલ્મ શીખ વિરોધી ગણાવતા અકાલી અને શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક કમિટી : ભાજપે વિવાદમાંથી હાથ ઊંચા લીધા !

## શીખ કટ્ટરવાદી સાંસદ સરબજીતસિંહ ખાલસાએ ફિલ્મનું ટ્રેલર જાહેર થયા બાદ સૌ પહેલા અવાજ ઉઠાવ્યો, મુખ્ય વિરોધ થયો ભીંદરણવાલેના પાત્રલેખન સામે




(એજન્સી) તા.૨૮

ચંદીગઢ તારીખ ૨૨ વિવાદો સાથે જીવનમાં જેનો જૂનો નાતો રહ્યો છે એવી અભિનેત્રી સાંસદ કંગના રણૌત ફરીથી વિવાદમાં આવી ગઈ છે અને તેની આગામી ફિલ્મ ઈમરજન્સી સામે પંજાબમાં રોષનો જવાળામુખી ભડકી ઉઠ્યો છે. આ ફિલ્મ આવતા મહિને સિનેમા ગૃહોમાં રિલીઝ થવાની છે પણ પંજાબમાં ભડકો થયો છે. ફિલ્મોમાં શીખોને જે રીતે બતાવવામાં આવ્યા છે તેની સામે શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ વાંધો લીધો છે અને ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે એ જ રીતે અકાલી દળના નેતાઓએ પણ પંજાબમાં ઈમરજન્સી ફિલ્મ પ્રદર્શિત કરવા સામે વિરોધ નોંધાયો છે અને મુખ્યમંત્રી ભગવંતમાનને તેમનું વલણ સ્પષ્ટ કરવા માટે અનુરોધ કર્યો છે. આ ફિલ્મ ૧૯૭૫માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી ઉપર આધારિત છે જેનું ટ્રેલર ૧૪ ઓગસ્ટે રિલીઝ કરવામાં આવ્યું હતું અને આવતા મહિને ૬ સપ્ટેમ્બરથી સિનેમા ગૃહોના મોટા પડદે પ્રદર્શિત કરવાનું આયોજન થઈ રહ્યું છે. આ ફિલ્મમાં કંગનાએ ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું છે અને તેની કંપની મણિકર્ણિકા ફિલ્મ નિર્માતાઓ પૈકીની એક છે. કંગનાએ જ આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે. આ ફિલ્મમાં શિખ આતંકી જૂથના વડા અને કુખ્યાત આતંકવાદી જર્નીલસિંહ ભીંદરણવાલેને ઈન્દિરા ગાંધી સાથે હાથ મિલાવતા અને અલગ શીખ રાષ્ટ્ર આપવામાં આવે તો કોંગ્રેસ પાર્ટી માટે મત એકત્ર કરી આપવાનું વચન આપતા બતાવવામાં આવ્યા છે. ટ્રેલર જાહેર થતાં જ ઉગ્રવાદી શીખ સાંસદ સરબજીતસિંગ ખાલસાએ ફિલ્મ સામે વિરોધ નોંધાયો છે તેમણે ફેસબુકમાં પોસ્ટ લખી છે કે આ ફિલ્મમાં શીખોને ખરાબ ચીતરવાનું પ્રયાસ કરવામાં આવ્યો છે અને આવી રીતે પાત્રાલેખન કરવામાં આવ્યું હોવાથી પંજાબમાં વિવિધ સમાજોમાં તણાવ ઊભો થઈ શકે છે. ઈન્દિરા ગાંધીની હત્યા કરનારા પૈકીના એક બિયન્તસિંગના પુત્ર ખાલસા આ વર્ષે સંસદમાં ચૂંટાયેલા બે શીખ ઉગ્રવાદી સાંસદો પૈકીના એક છે. ચૂંટાયેલા બીજા કટરવાદી અમૃત પાલ સિંહ છે જે અત્યારે આસામની એક જેલમાં કેદ છે. પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઊભી ન થાય એ માટે રાજ્યમાં આ ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવાના પગલાં લેવા ખાલસાએ મુખ્યમંત્રીને અનુરોધ કર્યો છે. એમની દલીલ એવી છે કે દેશના અન્ય સમાજમાં શીખ સમાજને બદનામ કરવા માટેના બહુ મોટા વ્યાપક કાવતરાના ભાગરૂપે આ ફિલ્મ બનાવવામાં આવી છે ખાસ શીખો ઉપર સીધો હુમલો છે એટલે રાજ્ય સરકારે કંઈક કરવું જોઈએ ભારતમાં શીખ વિરોધી હિંસા અને શીખ વિરોધી તીરસ્કારના અપરાધો વધી રહ્યા છે અને આ ફિલ્મો તેમાં વધારો કરી કરશે. આ ફિલ્મ એવી લાગણીઓને વધુ દહેકાવી શકે છે એવું ખાલસાનું માનવું છે. એસજીપીસીના સભ્ય ગુરુચરણ સિંઘ ગ્રે વાલે એક વીડિયો મેસેજમાં જણાવ્યું હતું કે જર્નીલસિંહને ખરાબ રીતે ચીતરવામાં આવ્યા છે. હકીકતે સંત બિન્દરણ વાલે શીખ સમાજમાં બહુ સન્માન ભર્યું ઉચ્ચ સ્થાન ધરાવે છે અને આધ્યાત્મિક રીતે ખૂબ જ ઉન્નતી ધરાવતા મહાનુભાવ હતા. તેમણે કહ્યું હતું કે ઐતિહાસિક તથ્યો પર આધારિત ફિલ્મો બને તેને અમે આવકારીએ છીએ પરંતુ શીખ સમાજને જે રીતે આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યો છે તેની સામે અમારો સખત વાંધો છે. ફિલ્મનું ટ્રેલર જ કહે છે કે ફિલ્મમાં શીખોને અત્યંત ક્રૂર તેમજ અન્યાય અને હિંસક સમાજ તરીકે ચીતરવામાં આવ્યો છે. અકાલી દળના સંસદ હરસીમરત કૌર બાદલે એવી ટીકા કરી હતી કે મેં ફિલ્મ જોઈ નથી પરંતુ મને જાણવા મળ્યું છે કે ફિલ્મમાં શીખ સમાજને હલકો બતાવવામાં આવ્યો છે આમ પણ કંગના પંજાબની ઘટનાઓ અંગે વિવાદ ભર્યા તેમજ રૂચે નહિ તેવા હલકા વિધાનો કરતી રહે છે હવે તેણે શીખોને બદનામ કરતી અને ખોટી રીતે ચીતરતી ફિલ્મ બનાવી છે એવું મને જાણવા મળ્યું છે. આ વ્યક્તિ ભાજપની સાંસદ છે એ જ કમનસીબી છે. કંગના જે બતાવી રહી છે એ ભાજપનું વલણ છે કે કેમ તેની પાર્ટીએ સ્પષ્ટતા કરવી જોઈએ. દેશના ઈતિહાસમાં શીખોનું મહત્ત્વપૂર્ણ પાયારૂપ યોગદાન રહ્યું છે, આઝાદી જંગ હોય કે અનાજની ચળવળ હોય કે સરહદ ઉપર સુરક્ષા હોય શીખોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. દેશમાં કટોકટી સામે સૌથી પહેલો અવાજ અકાલીદળના તત્કાલીન મુખ્યમંત્રી પ્રકાશ સિંઘ બાદલેજ ઉઠાવ્યો હતો કટોકટીનો વિરોધ કરતા સમયે સૌપ્રથમ તેમણે ધરપકડ વહોરી હતી. દરરોજ શિરોમણી અકાલીદળનો એક જથ્થો ધરપકડ વહોરતો હતો. આ મુદ્દા ઉપર સંપર્ક થતાં પંજાબ ભાજપના પ્રવકતા વિનીત જોષીએ જણાવ્યું હતું કે આ ફિલ્મ સામેનો જે મુખ્ય વાંધો છે તે એવો છે કે ફિલ્મમાં ભીંદરણવાલેને ઈન્દિરા ગાંધીના સર્જન તરીકે બતાવવામાં આવ્યા છે. જોશીની દલીલ એવી હતી કે કુલદીપ નાયર જેવા એ સમયના અનેક પ્રખર પત્રકારોએ પુસ્તકો લખ્યા છે અને લેખ પણ લખ્યા છે જેમાં દર્શાવ્યું છે કે અકાલીદળ પાસેથી પંથના મતો કોંગ્રેસ તરફ વાળવા માટે કોંગ્રેસની ટોચની નેતાગીરી એ ભીંદરણ વાલેને ઊભા કરીને પ્રોત્સાહન આપ્યું હતું. કુલદીપ નાયરે એમના પુસ્તકમાં લખ્યું છે કે બાદમાં ભીંદરણવાલે બાબુ બહાર જતાં કોંગ્રેસને અફસોસ પણ થયો હતો. જોષીએ હાથ ઊંચા લેતા કહ્યું હતું કે કંગના ભાજપના સાંસદ બન્યા એ પહેલાથી આ ફિલ્મ ઉપર કામ ચાલી રહ્યું હતું એટલે ભાજપને આ ફિલ્મ સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે કહ્યું હતું કે ફિલ્મમાં જર્નીલસિંગ ખાલી સ્થાનની વાત કરે છે તો એ વિશે તો ફિલ્મના નિર્માતા અને ડાયરેક્ટર તરત જવાબ આપી શકે. આ રીતે કંગના રણૌતે ફરી એકવાર તેની આદત મુજબ વિવાદનો મધપુડો છંછેડી દીધો છે અને પંજાબમાં ભારે ઉશ્કેરાટ ફેલાયો છે.

# પ્રાથમિક શિક્ષકો માટે ઓનલાઈન જિલ્લા આંતરિક બદલી કેમ્પની જાહેરાત

અમદાવાદ, તા.૨૮

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક-વિદ્યાસહાયક માટે ઓનલાઈન પદ્ધતિ દ્વારા જિલ્લા આંતરિક બદલી કેમ્પની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લામાં આંતરિક બદલી કરાવવા માંગતા હોય તેવા શિક્ષકોએ ૧ સપ્ટેમ્બરથી ૫ સપ્ટેમ્બર દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ બદલી અંગેના હુકમો સહિતની કામગીરી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના તમામ જિલ્લા, મહાનગર અને નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક સ્કૂલ એટલે કે ધોરણ-૧થી ૫ અને ઉચ્ચ પ્રાથમિક સ્કૂલ એટલે કે ધોરણ-૬થી ૮માં તમામ માધ્યમના શિક્ષકો, વિદ્યાસહાયકોની આંતરિક બદલીઓ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. શિક્ષણ વિભાગના બદલીના ઠરાવ અને ત્યારબાદના વખતો વખતના સુધારા ઠરાવની જોગવાઈઓને ધ્યાને લઈને જિલ્લામાં આંતરિક બદલી કરાવવા ઈચ્છતા શિક્ષકવિદ્યાસહાયક પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને મહાનગરપાલિકા- નગર પાલિકાની શિક્ષણ સમિતિ હસ્તકના શિક્ષકવિદ્યાસહાયક બદલી અંગેની ઓનલાઈન અરજી ૧ સપ્ટમ્બર, ૨૦૨૪ના રોજથી ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં કરી શકાશે. જિલ્લા, મહાનગર, નગર શિક્ષણ સમિતિમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક (વિષયવાર) શાળાની ખાલી જગ્યાઓની વિગતવાર માહિતી આંતરિક બદલી અંગેની અરજી ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ તથા બદલી અંગેના પ્રવર્તમાન નિયમોની માહિતી વેબસાઈટ ઉપર મુકવામાં આવી છે. પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ ખાલી જગાઓ માટે બીજા રાઉન્ડની તારીખો વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. જેથી તે અનુસાર જ અરજી કરવાની રહેશે. બીજા રાઉન્ડ અંગે અલગથી જાહેરાત આપવામાં આવશે નહી. વેબસાઈટ ઉપર આપેલી સુચનાઓ અનુસરીને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી વેબસાઈટ જોવા માટે સુચન કરવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગના ઠરાવમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ જિલ્લા આંતરિક બદલી અંગેનો હુકમ કોઈ પણ સંજોગોમાં રદ કરવામાં આવશે નહીં.

# જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો અપાવવો તે કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનની પ્રાથમિકતા : રાહુલ ગાંધી



શ્રીનગર, તા.૨૮

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ રાજ્યમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે કોંગ્રેસના સાંસદ અને વિપક્ષ નેતા રાહુલ ગાંધી બે દિવસીય જમ્મુ-કાશ્મીરની મુલાકાતે ગયા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ તેમની સાથે હતા. રાહુલ ગાંધીએ કાર્યકર્તાઓને કહ્યું કે, તેઓ જમ્મુ-કાશ્મીરની સ્થિતિને ગંભીરતાથી લેશે અને પાર્ટી કાર્યકર્તાઓની મહેનત અને સન્માનની રક્ષા કરશે. આટલું જ નહીં, મોદી પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ઈન્ડિયા ગઠબંધનથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિશ્વાસ નષ્ટ થઈ ગયો છે.

રાહુલ ગાંધીએ પોતાના પ્રવાસના દિવસે કોંગ્રેસના કાર્યકરોને સંબોધતા કહ્યું કે, તમે કાર્યકર્તા નથી, તમે પરિવાર છો. જેવી અમને ખબર પડી કે ચૂંટણી યોજાવાની છે, અમે અહીં પહેલાં જમ્મુ-કાશ્મીર આવવાનું નક્કી કર્યું કારણ કે, અમે દરેક રાજ્યના લોકોને સંદેશ આપવા માંગીએ છીએ કે, અમારા માટે જમ્મુ-કાશ્મીરના લોકોનું પ્રતિનિધિત્વ છે અને તેમનું રાજયત્વ સૌથી મહત્ત્વપૂર્ણ છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, ભારતના ઈતિહાસમાં આઝાદી પછી ઘણા કેન્દ્રશાસિત પ્રદેશોને રાજ્યોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે, પરંતુ માત્ર એક જ દાખલો છે જ્યારે રાજ્યનો દરજ્જો છીનવી લેવામાં આવ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો. આવું પહેલાં ક્યારેય બન્યું નથી અને અમે સંદેશ આપવા માંગીએ છીએ કે, જમ્મુ-કાશ્મીરના લોકોનું પ્રતિનિધિત્વ મહત્ત્વપૂર્ણ છે, તે અમારા માટે મહત્ત્વપૂર્ણ છે અને દેશ માટે મહત્ત્વપૂર્ણ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, મને જમ્મુ-કાશ્મીરના લોકો મને માત્ર પસંદ નથી પરંતુ હું તેમને પ્રેમ કરૂં છું. આ બહુ જૂનો સંબંધ છે, લોહીનો સંબંધ છે. જમ્મુ-કાશ્મીરમાં જો કોઈએ આત્મવિશ્વાસ અને નિર્ભયતાથી કામ કર્યું છે તો તે કોંગ્રેસના કાર્યકર છે. તેઓ આગામી ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરની સ્થિતિને ગંભીરતાથી લેશે અને પાર્ટી કાર્યકર્તાઓની મહેનત અને સન્માનનું રક્ષણ કરશે.

જમ્મુ-કાશ્મીરને રાજયના દરજ્જો પાછો અપાવવો તે કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનની પ્રાથમિકતા છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, ભારત ગઠબંધને લોકસભા ચૂંટણી દરમ્યાન નરેન્દ્ર મોદીના વિશ્વાસને નષ્ટ કરી દીધો છે. તેમને રાહુલ ગાંધીએ નહીં પરંતુ કોંગ્રેસ પાર્ટી, ઈન્ડિયા એલાયન્સ, પ્રેમ, એકતા અને સન્માનની વિચારધારાથી પરાજય આપ્યો છે. હું જમ્મુ-કાશ્મીરના લોકોને અને યુવાનોને કહેવા માંગુ છું કે, આપણે નફરતના બજારમાં પ્રેમની દુકાન ખોલવી પડશે. નફરતને પ્રેમથી હરાવી શકાય છે અને સાથે મળીને આપણે નફરતને પ્રેમથી હરાવીશું.

# ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે તમામ કર્મચારીઓ માટે ઓનલાઈન સંપત્તિ ઘોષણા ફરજિયાત કરી

લખનૌ, તા.૨૮

રાજ્ય સરકારે એક નવો આદેશ અમલમાં મૂક્યો છે જેમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની જંગમ અને સ્થાવર મિલકતોની ઓનલાઈન વિગતો રજૂ કરવી આવશ્યક છે જે નિષ્ફળ જાય તો તેઓને ઓગસ્ટ મહિનાનો તેમનો પગાર મળશે નહીં. આ IAS અને PCS અધિકારીઓ માટે પહેલાથી જ સમાન નિયમોને અનુસરે છે. શરૂઆતમાં કર્મચારી વિભાગે એક આદેશ જારી કર્યો હતો જેમાં કર્મચારીઓને ૩૦ જૂન સુધીમાં તેમની સંપત્તિની વિગતો રજૂ કરવાની આવશ્યકતા હતી, ચેતવણી આપી હતી કે જેઓ પાલન કરવામાં નિષ્ફળ જશે તેઓ પ્રમોશન માટે અયોગ્ય રહેશે. આ હોવા છતાં નોંધપાત્ર સંખ્યામાં કર્મચારીઓએ નિર્દેશનું પાલન કર્યું ન હતું, જેના કારણે વિભાગે સમયમર્યાદા ૩૧ જુલાઈ સુધી લંબાવી હતી. જો કે, જારી કરાયેલા એક આદેશમાં મુખ્ય સચિવે ખુલાસો કર્યો હતો કે સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં માત્ર ૨૬ ટકા કર્મચારીઓએ માનવ સંપદા પોર્ટલ ઉપર તેમની સંપત્તિની વિગતો સબમિટ કરી છે. આ નીચા અનુપાલન દરને અસંતોષકારક માનવામાં આવ્યો હતો. મુખ્ય સચિવે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે કર્મચારીઓએ તેમની સંપત્તિની વિગતો સબમિટ કરી છે તેઓ જ તેમનો ઓગસ્ટનો પગાર મેળવવાને પાત્ર રહેશે. વધુમાં વિભાગના વડાઓને મુખ્ય સચિવની કચેરીને પાલનની સ્થિતિની જાણ કરવા સૂચના આપવામાં આવી છે. મુખ્ય સચિવ દુર્ગા શંકર મિશ્રાએ આદેશ જારી કરીને ભારપૂર્વક જણાવ્યું છે કે, ઉત્તર પ્રદેશ સરકારના કર્મચારી નિયમો,૧૯૫૬ના નિયમ ૨૪ અનુસાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ માનવ સંસાધન પોર્ટલ દ્વારા તેમની જંગમ અને સ્થાવર મિલકતોની વિગતો જાહેર કરવી આવશ્યક છે. માનવ સંસાધન પોર્ટલ રાજ્ય સરકાર દ્વારા તેના કર્મચારીઓને સમયસર, કાર્યક્ષમ અને પારદર્શક સેવાઓ પ્રદાન કરવા માટે વિકસાવવામાં આવ્યું હતું

# 'UPSC લેટરલ એન્ટ્રીની જાહેરાત મુદ્દે પીછેહઠ કરવાની ફરજ પડી છે' કોંગ્રેસે લેટરલ એન્ટ્રીના વિવાદ અંગે યુ-ટર્ન મુદ્દે મોદી ૩.૦ ઉપર પ્રહારો કર્યા

**કોંગ્રેસે મોદી સરકારના નેતૃત્વની ટીકા કરી હતી અને અનેક નીતિ વિષયક નિર્ણયો પાછા ખેંચવા અંગે નિર્દેશ કર્યો હતો, તેમાં IAS હોદ્દા માટે UPSC લેટરલ એન્ટ્રીની દરખાસ્ત રદ કરવી, બ્રોડકાસ્ટિંગ સર્વિસિસ બિલ પાછું ખેંચવું અને પ્રોપર્ટી ઈન્ડેક્સેશન લાભો પુર્નઃ સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે**

નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસે બુધવારે મોદી સરકાર ૩.૦ ઉપર વળતો પ્રહાર કરતા કહ્યું છે કે, જેઓ લોકસભા ચૂંટણીના પરિણામોને ભાજપ માટે વિજય માનતા હતા તેઓ હવે આ જનતાના આદેશનું સાચું મહત્ત્વ સમજી શકે છે, કારણ કે, એનડીએ સરકારને માત્ર બે મહિનામાં ચાર વખત પીછેહઠ કરવાની ફરજ પડી છે.

કેન્દ્રએ UPSC લેટરલ એન્ટ્રીની જાહેરાત ઉપર યુ-ટર્ન લીધાના એક દિવસ પછી કોંગ્રેસના નેતા જયરામ રમેશે X ઉપર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, જનતાએ તેમના મતની શક્તિ દ્વારા વડાપ્રધાનને રોક્યા છે. IAS હોદ્દાઓમાં લેટરલ એન્ટ્રી માટેની દરખાસ્તને પાછી ખેંચી લેવા તરફ ધ્યાન દોરતા કોંગ્રેસના નેતાએ કહ્યું કે, તાજેતરનું ઉદાહરણ IAS પોસ્ટ્સ માટે લેટરલ એન્ટ્રીની દરખાસ્તને રદ કરવાનું છે. વિપક્ષની આકરી ટીકા અને ચારેબાજુથી વિરોધને કારણે માત્ર ત્રણ દિવસમાં જ સરકારે પોતાના મનપસંદ લોકોને નોકરશાહીમાં ભરતી કરવાની યોજના રદ કરવી પડી હતી. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે, સરકારે બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ (રેગ્યુલેશન) બિલ ૨૦૨૪નો ડ્રાફ્ટ પણ પાછો ખેંચવો પડ્યો હતો. તેમણે કહ્યું કે, ૧૦ વર્ષથી સંસદની અવગણના કરીને બળજબરીથી બિલ પસાર કરતી સરકારને વકફ (સુધારા) બિલને સંસદની સંયુક્ત સમિતિમાં મોકલવાની ફરજ પડી હતી અને મધ્યમ વર્ગના ભારે રોષને જોતા સરકારે પ્રોપર્ટીના વેચાણ ઉપર ઈન્ડેક્સેશનનો ફાયદો પણ પુર્નઃ સ્થાપિત કરવો પડ્યો છે.

જો કે, ભાજપના અમિત માલવિયાએ આ યુ-ટર્નનો બચાવ કરતા કહ્યું હતું કે, અમારા માટે સુગમતા અને સંવેદનશીલતા ચાવીરૂપ છે. વિપક્ષ બિનજરૂરી રીતે ઉત્સાહિત છે અને એક પ્રકારની જીતનો દાવો કરી રહ્યો છે, કારણ કે, UPSC દ્વારા જારી કરાયેલ 'લેટરલ એન્ટ્રી' નોટિફિકેશન પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ નોટિફિકેશન પાછું ખેંચી લેવામાં આવ્યું છે, રદ કરવામાં આવ્યું નથી તેની સ્પષ્ટતા કરતાં માલવિયાએ જણાવ્યું હતું કે, માર્ગદર્શિકાઓની સ્પષ્ટ સમજણ અને સામાજિક ન્યાયની કે, લેટરલ એન્ટ્રી એપોઈન્ટમેન્ટ પાછી ખેંચી લેવામાં આવી છે. આ એટલા માટે છે કારણ કે, વિરોધ પક્ષ મજબૂત છે. દરમ્યાન એનડીએના સહયોગીઓએ પણ આ પગલાને આવકાર્યું છે. LJPના વડા ચિરાગ પાસવાને પછાત વ્યાખ્યાયિત જોગવાઈઓ સાથે વધુ ચોક્કસ સૂચનાની રજૂઆતની સંભાવના છે. પ્રથમ ટર્મમાં મોદી સરકારે જમીન સંપાદન ખરડો પાછો ખેંચ્યો અને બીજામાં ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચ્યા હતા. સરકાર પ્રતિસાદને આવકારે છે. એ જ રીતે પ્રથમ ૧૦ વર્ષમાં ઘણા બિલો સમીક્ષા માટે સ્થાયી સમિતિઓને મોકલવામાં આવ્યા હતા. વકફ સુધારા બિલનો ઉલ્લેખ કરનારાઓએ તેની નોંધ લેવી જોઈએ. માલવિયાએ કહ્યું હતું કે, સરકારમાં કંઈ પણ બદલાયું નથી. સુગમતા અને સંવેદનશીલતા ચાવીરૂપ છે. વિપક્ષને આંદોલન કરવા માટે કોઈ મુદ્દો મળે તેવી શક્યતા નથી. તેઓ નૈતિક જીતનો તેઓ ઈચ્છે તેટલો દાવો કરી શકે છે.




કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, મજબૂત વિપક્ષના વિરોધને કારણે કેન્દ્ર સરકારે ભરતી રદ કરવી પડી છે. તાજેતરમાં તેઓએ લેટરલ એન્ટ્રી રજૂ કરી હતી. તેઓએ જોઈન્ટ સેક્રેટરી (રેન્ક ઓફિસર્સ)ની નિમણૂક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મેં સાંભળ્યું છે વર્ગોની ચિંતાઓ સાંભળવા અને સંબોધવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, અમે પક્ષપાતી દરખાસ્ત પાછી લેવા અને પછાત અને વંચિત વર્ગો સહિત તમામ સમુદાયોના લાભ માટે કોર્સમાં સુધારા કરવા બદલ વડાપ્રધાનનો આભાર માનીએ છીએ. આ મોદીની સામાજિક ન્યાયના સિદ્ધાંતોને સુનિશ્ચિત કરવામાં દૃઢ વિશ્વાસ દર્શાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમની પાર્ટીએ લેટરલ એન્ટ્રી પ્રોગ્રામ સામે વિરોધ નોંધાવ્યો હતો કારણ કે, અગાઉની સરકારોએ આરક્ષણને મહત્ત્વ આપ્યું ન હતું, તેનો અર્થ એ નથી કે આપણે પણ તે જ ઉદાહરણને અનુસરવું જોઈએ. HAMના વડા જીતનરામ માંઝીએ રોલબેક ઓર્ડરને આવકાર્યો હતો અને કહ્યું હતું કે, આ યોગ્ય દિશામાં એક પગલું છે અને આ પગલાં માટે તેઓએ મોદીને શ્રેય પણ આપ્યો છે અને કહ્યું છે કે, મોદીએ યોગ્ય રીતે જનભાવનાની નોંધ લીધી છે અને UPSC જાહેરાત રદ કરવાનો આદેશ આપ્યો છે.

# સંચાલક મંડળની બેઠક ઉપર ખાનગી શાળા સંચાલક મંડળ પણ ચૂંટણી લડશે

અમદાવાદ, તા.૨૮

શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં સ્વનિર્ભર (ખાનગી) શાળા સંચાલક મંડળ દ્વારા સ્વતંત્ર ચૂંટણી લડવાનું નક્કી કરતા આ બેઠક ઉપર પણ ચૂંટણી જંગ રસપ્રદ બનશે. રાજયના બે મોટા સંચાલક મંડળો એક થયા બાદ પ્રથમ બોર્ડની ચૂંટણી છે. જેથી તેમના માન્ય ઉમેદવાર સરળતાથી જીત મેળવે તેવી શક્યતા સામે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે પણ ચૂંટણી જંગમાં ઉતરવાનું નક્કી કર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીને લઈને સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની મિટીંગ યોજવામાં આવી હતી. આ મિટીંગમાં બોર્ડની ચૂંટણીમાં વાલી મંડળ અને સંચાલક મંડળ સંવર્ગમાં મહામંડળ દ્વારા સ્વતંત્રતાથી ચૂંટણી લડવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જેથી હવે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા પ્રતિનિધીઓના નામ મંગાવવાનું શરૂ કર્યું છે અને ત્યારબાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા નામની પસંદગી કરવામાં આવશે. એક બાજુ સૌરાષ્ટ્ર બાજુના મંડળો દ્વારા હાલના બોર્ડ સભ્ય ડો. પ્રિયવદન કોરાટને રિપીટ કરવાની માંગ કરી હતી. જયારે બીજી બાજુ મધ્ય ગુજરાતના મંડળ દ્વારા ચૂંટણી માટે સંચાલક મંડળના દાવેદાર તરીકે ધારાસભ્ય ધવલ ઝાલાનું નામ આપ્યું છે. જ્યારે જે.વી. પટેલે પણ આ બેઠક ઉપરથી દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળે છે. આમ, એક જ બેઠક ઉપર અનેક માંધાતા ચૂંટણી લડવા માંગતા હોવાથી આ બેઠકની ચૂંટણી રસપ્રદ બનશે. રાજયના બે મોટા સંચાલક મંડળો એક થયા બાદ સંચાલક મંડળની બેઠક ઉપરની ચૂંટણી એક તરફી રહેશે તેવી શક્યતા વચ્ચે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે સ્વતંત્ર ચૂંટણી લડવાનું નક્કી કરતા ચૂંટણી જંગ રોમાંચક બનશે.

### ઈન્ડિયન ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીની USને અપીલ

# ભારતમાં વિઝાનો વેઈટિંગ પીરિયડ ઘટાડવાની અપીલ

## અમેરિકાના વિઝા માટેનો લાંબો વેઈટિંગ પીરિયડ ભારતીયો માટે અકળાવનારો હોય છે તેને લઈ અપીલ

વોશિંગ્ટન, તા.૨૮

અમેરિકાના વિઝા માટેનો લાંબો વેઈટિંગ પીરિયડ ભારતીયો માટે અકળાવનારો હોય છે. અમેરિકા પણ આ વાતથી સારી રીતે માહિતગાર છે અને તે પણ પ્રયાસ કરી રહ્યું છે કે આ વેઈટિંગ પીરિયડમાં ઝડપથી ઘટાડો થાય. શુક્રવારે નવી દિલ્હીમાં બંને દેશોની ટૂરિઝમ અને હોસ્પિટાલિટી સમિટમાં ભારત અને અમેરિકા વચ્ચે ટ્રાવેલ કરવાના પડકારો અંગે ચર્ચા થઈ હતી. ભારત અને યુએસ વચ્ચે ટ્રાવેલિંગમાં આવતો સૌથી મોટો પડકાર વિઝા માટેનો લાંબો વેઈટિંગ પીરિયડ છે અને તે અંગે આ સમિટમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત બંને દેશો વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટની સંખ્યા પણ મર્યાદિત છે અને આ મુદ્દાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. યુએસના વિઝિટર વિઝા એપોઈન્ટમેન્ટનો વેઈટિંગ પીરિયડ ૨૦૨૧ના અંતે ૯૯૯ દિવસની ઊંચી સપાટીથી ઘટી ગયો છે પરંતુ તેમ છતાં ભારતમાં આ વેઈટિંગ પીરિયડ એક વર્ષ જેટલો છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ વેબસાઈટ પર ભારતના કયા શહેરમાં કેટલા દિવસનો વેઈટિંગ પીરિયડ છે તે દર્શાવે છે. જેમાં શુક્રવારે આ વેબસાઈટ પર ચેન્નાઈમાં બી૧/બી૨ વિઝા ઈન્ટરવ્યૂ માટે ૪૫૯ દિવસનો વેઈટિંગ પીરિયડ હતો. જ્યારે મુંબઈમાં ૪૫૦, હૈદરાબાદમાં ૪૦૭, કોલકાતામાં ૩૮૧ અને દિલ્હીમાં ૩૭૯ દિવસનો વેઈટિંગ પીરિયડ હતો. જોકે, ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીએ યુએસને આ વેઈટિંગ પીરિયડ હજી પણ ઓછો કરવા માટે વિનંતી કરી છે. યુનિયન ટૂરિઝમ મિનિસ્ટ્રીના અધિક સચિવ સુમન બિલ્લાએ જણાવ્યું હતું કે, “ટ્રાવેલર્સની સંખ્યા સારી હોવા છતાં, આપણે ભારત અને યુએસ વચ્ચેના ટૂરિઝમ પરિપ્રેક્ષ્યમાં આપણી પાસે રહેલી સંભવિતતાનો લાભ ઉઠાવ્યો નથી. જે રીતે ભારતીય અર્થવ્યવસ્થા વધી રહી છે તે જોતાં અહીંથી આઉટબાઉન્ડ ટૂરીઝમ વધતું જ રહેશે. તેમણે યુએસ વિઝા પ્રક્રિયાને સરળ બનાવવા માટે પણ હાકલ કરી હતી, જે ૧૦ વર્ષ માટે જારી કરવામાં આવતા હોવા છતાં "મુશ્કેલ અને કંટાળાજનક" છે. જ્યારે યુએસ એમ્બેસી મિનિસ્ટર ફોર કોમર્શિયલ અફેર્સના કાઉન્સેલર જોનાથન એમ હેઈમરે જણાવ્યું હતું કે વિઝા અરજી પ્રક્રિયાની ગતિમાં વધારો થયો છે જેના કારણે રેકોર્ડ સંખ્યામાં વિઝા આપવામાં આવ્યા છે. એપ્લિકેશન પ્રક્રિયા માટે બેકએન્ડ પર અમે વધુ કે ઓછા સમાન સંસાધનો સાથે ૬૦ ટકા વધુ વિઝા પ્રોસેસ કરવામાં સક્ષમ છીએ અને અમે છેલ્લા વર્ષમાં ૧૧ લાખથી વધુ વિઝા જારી કર્યા છે, જે અમારા માટે એક રેકોર્ડ છે અને તે આ સંખ્યામાં વધારો કરવાનું ચાલુ રાખવામાં આવશે.

અમેરિકન કેરિયર્સ સહિત વેસ્ટર્ન એરલાઈન્સ યુક્રેન યુદ્ધના કારણે રશિયન એરસ્પેસને ઓવરફ્લાઈંગ કરી રહી નથી. આ કારણે તેમના દ્વારા નોનસ્ટોપ માટેના ભારતના રૂટ લાંબા થઈ ગયા છે.

પરિણામે યુનાઈટેડ અને અમેરિકનની દિલ્હી અને ન્યૂયોર્ક વચ્ચે માત્ર એક જ દૈનિક ફ્લાઈટ છે. જ્યારે રશિયાને ઓવરફ્લાય કરી રહેલી ભારતની સૌથી મોટી એરલાઈન એર ઈન્ડિયા દિલ્હી, મુંબઈ અને બેંગ્લોરથી ન્યૂયોર્ક, નેવાર્ક, વોશિંગ્ટન, શિકાગો અને સાન ફ્રાન્સિસ્કો જેવા સ્થળો વચ્ચે ૫૧ વીકલી ડાયરેક્ટ ફ્લાઈટ્સ સાથે ભારત અને યુએસ વચ્ચે નોનસ્ટોપનું સૌથી મોટું ઓપરેટર છે.

જ્યારે વેસ્ટર્ન એરલાઈન્સ દ્વારા રશિયન એરસ્પેસનો ઉપયોગ ક્યારે કરવામાં આવશે તે કોઈ જાણતું નથી ત્યારે એર ઈન્ડિયા આ શિયાળામાં તેના નેટવર્ક પર લોસ એન્જલસ અને ડલ્લાસની ફ્લાઈટ ઓપરેટ કરવા જઈ રહી છે.

### ટીમ ઈન્ડિયાના સ્વિંગ કિંગ રહી ચૂકેલો ફાસ્ટ બોલર

# બરિન્દર સરન છેલ્લા ૮ વર્ષથી ટીમ ઈન્ડિયાથી બહાર છે



નવી દિલ્હી, તા.૨૮

ટીમ ઈન્ડિયાનો એક બોલર એવો પણ હતો જેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આવતાની સાથે જ ધમાલ મચાવી હતી. આ બોલરની સ્વિંગ પાકિસ્તાનના મહાન બોલર વસીમ અક્રમ જેવી જ ખતરનાક છે. પરંતુ ૮ વર્ષથી પણ વધુ સમય થઈ ગયો અને હવે તો જાણે આ ખેલાડીને ટીમ ઈન્ડિયાના સિલેક્ટર્સ ભૂલી જ ગયા છે.

આ ખતરનાક ફાસ્ટ બોલર ૮ વર્ષ પહેલા સુધી ભારતની વનડે અને ટી૨૦ ટીમનો મહત્વનો ભાગ હતો. પરંતુ હવે આ ખેલાડીના ઈન્ટરનેશનલ ક્રિકેટર કરિયર પર જાણે પૂર્ણવિરામ આવી ગયું હોય તેવું છે. બુમરાહની ઝળહળતી કારકિર્દીએ આ ખેલાડીની કરિયરને હાંસિયામાં ધકેલી દીધી હોય તેવું છે અને ત્યારબાદ હવે આ ખેલાડી લગભગ ગુમનામીના અંધારામાં ધકેલાઈ ગયો છે.

ટીમ ઈન્ડિયાના 'સ્વિંગ કિંગ' રહી ચૂકેલો ફાસ્ટ બોલર બરિન્દર સરન છેલ્લા ૮ વર્ષથી ટીમ ઈન્ડિયાથી બહાર છે. સિલેક્ટર્સે આ ખેલાડીને દૂધમાંથી માખીની જેમ બહાર ફેંકી દીધો હતો. બરિન્દર સરન પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ ૨૨ જૂન ૨૦૧૬ના રોજ રમ્યો હતો. બરિન્દર સરન છેલ્લી વખત ઝિમ્બાબ્વે વિરુદ્ધ ટી૨૦ સીરિઝ રમતો જોવા મળ્યો હતો. આ સિરીઝ બાદ બરિન્દર સરનની કરયર લગભગ ખતમ થઈ ગઈ.

ઝહીર ખાન અને આશીષ નહેરાના સન્યાસ લીધા બાદથી ભારતીય ટીમ એક સારા ડાબોડી ફાસ્ટ બોલરની શોધમાં હતી. બરિન્દર સરને થોડી આશા જગાવી હતી પરંતુ તે લાંબી રેસનો ઘોડો સાબિત થયો નહીં.

બરિન્દર સરને પોતાની કરિયરમાં ૬ વનડે અને ૨ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. બરિન્દર સરને વનડેમં ૭ જ્યારે ટી૨૦ ઈન્ટરનેશનલમાં કુલ ૬ વિકેટ લીધી છે. વર્ષ ૨૦૧૬માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન જ્યારે જસપ્રીત બુમરાહે ભારત માટે વનડે અને ટી૨૦ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું તો બરિન્દર સરનની કરિયરનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું.

જસપ્રીત બુમરાહ સમયની સાથે સફળતાની સિડીઓ ચડવા લાગ્યો અને બરિન્દર સરન ટીમ ઈન્ડિયામાંથી બહાર થઈ ગયો. બરિન્દર સરન હજુ ફક્ત ૩૧ વર્ષનો જ છે. પરંતુ ટીમ ઈન્ડિયાના સિલેક્ટર્સ તેને કોઈ ભાવ આપતા નથી. બરિન્દર સરને વર્ષ ૨૦૧૬માં ટીમ ઈન્ડિયા માટે વનડે અને ટી૨૦ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હતું. બરિન્દર સરન છેલ્લીવાર ક્રિકેટના મેદાન પર ફેબ્રુઆરી ૨૦૨૧માં જોવા મળ્યો હતો અને ત્યારે તેણે વિજય હજારે ટ્રોફીની ગ્રુપ બી મેચમાં પંજાબનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તથા મધ્ય પ્રદેશ વિરુદ્ધ એક વિકેટ લીધી હતી. બરિન્દર સરન એક ખેડૂત પુત્ર છે. દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે એકવાર બરિન્દર સરન માટે ટ્વિટ કર્યું હતું. યુવરાજે લખ્યું હતું કે મને આ યુવા ઝહીરની યાદ અપાવે છે.

### પીએમ મોદીને મળ્યા બાદ બોલ્યા ઝેલેન્સકી

# ભારત એક મોટો દેશ છે, પુતિનને રોકી શકે છે

## રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે ભારત અને યુક્રેન વચ્ચેના સંબંધો સતત સારા રહ્યા છે




કિવ, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં યુક્રેનની મુલાકાત લીધી હતી, જે આ દેશની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત હતી. આ મુલાકાતનો ઉદ્દેશ્ય માત્ર દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો નથી પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે શાંતિની દિશામાં પગલાં લેવાનો પણ હતો. રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ મુલાકાતનું સ્વાગત કર્યું અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી.

પીએમ મોદીની આ મુલાકાત ઘણા કારણોસર ખાસ રહી. સૌ પ્રથમ, આ મુલાકાત રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે થઈ રહી છે, જે વૈશ્વિક સ્તરે એક મહત્વપૂર્ણ મુદ્દો છે. વધુમાં, આ મુલાકાત એવા સમયે થઈ જ્યારે યુક્રેન તેના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી રહ્યું હતું, જે ૨૩ ઓગસ્ટે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પીએમ મોદીએ ભારત તરફથી શાંતિ અને સહયોગનો સંદેશ આપ્યો હતો. પીએમ મોદીના યુક્રેન પ્રવાસ પર ઝેલેન્સકીએ ઘણી મહત્વપૂર્ણ વાતો કહી છે.

પીએમ મોદીનું સ્વાગત કરતા રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે ભારત અને યુક્રેન વચ્ચેના સંબંધો સતત સારા રહ્યા છે અને લાંબા પણ છે. તેમણે એમ પણ કહ્યું કે પીએમની આ મુલાકાત ઐતિહાસિક છે, કારણ કે ૩૦ વર્ષમાં આ પહેલીવાર છે જ્યારે કોઈ ભારતીય વડાપ્રધાન યુક્રેન આવ્યા છે. મોદી સાથેની વાતચીત દરમિયાન ઝેલેન્સકીએ કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ અને સંરક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાની આશા વ્યક્ત કરી હતી.

ઝેલેન્સકીએ કહ્યું કે ભારત હંમેશા યુક્રેનિયન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલનું સમર્થન કરે છે. તેમણે પીએમ મોદીને કહ્યું કે યુક્રેન યુદ્ધને કારણે દેશ અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે અને તેમને ભારત તરફથી વધુ સહાયની અપેક્ષા છે.

આ મુલાકાત દરમિયાન પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત યુક્રેન સંઘર્ષના ઉકેલ માટે તમામ શક્ય પ્રયાસો કરશે. તેમણે કહ્યું કે શાંતિનો માર્ગ સંવાદ અને કૂટનીતિથી જ શક્ય છે. મોદીએ ઝેલેન્સકીને એમ પણ કહ્યું કે ભારતે હંમેશા માનવતાને પ્રાથમિકતા આપી છે અને યુક્રેન સાથે સહયોગને પ્રોત્સાહન આપવા તૈયાર છે.

પીએમ મોદીની આ મુલાકાત દરમિયાન એક તસવીર વાયરલ થઈ છે જેમાં પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના ખભા પર હાથ રાખ્યો છે. ઘણા લોકોએ આ તસવીરને યુદ્ધની ભયાનકતા વચ્ચે એક સકારાત્મક સંદેશ તરીકે જોયું. આ તસવીર એ વાતનું પ્રતિક છે કે ભારત યુક્રેનની સાથે ઉભું છે અને શાંતિ તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### કોંગ્રેસ પ્રદેશ પ્રવક્તા મનીષ દોશીએ સવાલ ઉઠાવ્યા

# ગુજરાતની ખાનગી મેડિકલ કોલેજોની ફીમાં ધરખમ વધારો

## સરકાર મોંઘા તબીબો તૈયાર કરી આરોગ્ય સેવાને ખોરવવા માંગે છે : કોંગ્રેસ પ્રદેશ પ્રવક્તા મનીષ દોશી




અમદવાદ, તા.૨૮

GMERS કોલેજની ફીમાં વધારા બાદ હવે FRC મેડિકલ દ્વારા રાજ્યની ખાનગી મેડિકલ કોલેજની વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ફી જાહેર કરવામાં આવી છે. FRCએ મેડિકલ કોલેજોને સરકારી બેઠકમાં ૧૦ હજારથી ૨.૪૪ લાખ રૂપિયા સુધીનો વધારો આપ્યો છે. જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકમાં ૨૪ હજારથી ૫.૨૫ લાખ રૂપિયા, ગવર્મેન્ટ કોલેજની બેઠકમાં સી.યુ શાહ મેડિકલ કોલેજને સૌથી વધુ ૨.૪૪ લાખ, મેનેજમેન્ટ ક્વોટાની બેઠક માટે સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન અને રિસર્ચને ૫.૧૪ લાખ રૂપિયાનો ફી વધારો કરાયો છે. ફી વધારો થતાં ગવર્મેન્ટ બેઠકમાં પારુલ યુનિવર્સિટીની સૌથી વધુ ફી ૧૦ લાખ છે. મેનેજમેન્ટ ક્વોટામાં નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજની સૌથી વધુ ફી ૨૩ લાખ થઈ છે. કોંગ્રેસ દ્વારા ફી વધારાને પાછો ખેંચવા માટે માંગ કરવામાં આવી છે. રાજ્યની કુલ ૧૯ મેડિકલ કોલેજ અને પાંચ પેરામેડિકલ કોલેજની ૧૨૦૦ પેરા મેડિકલ સીટ ઉપર ૧૦થી ૫૦% સુધીનો ફી વધારો ઝીંકી દેવાયો છે. જેને લઈને કોંગ્રેસ પ્રદેશ પ્રવક્તા મનીષ દોશીએ સરકારની નીતિ ઉપર સવાલ ઉઠાવ્યા હતા.તેમણે કહ્યું હતું કે, સરકારની સ્ક્રિપ્ટ હતી કે GMERS બાદ ખાનગી મેડિકલ કોલેજોને ફી વધારવા મંજૂરી આપવી. જેમાં અગાઉ ખાનગી મેડિકલ કોલેજ તથા પેરા મેડિકલ કોલેજ ચલાવતા સંચાલકોએ મુખ્યમંત્રી સાથે બેઠક કરી ફી વધારો મેળવ્યો હતો. જેમાં સરકારી રૂપિયાથી ચાલતી NHL, LG કોલેજોને સૌથી ફી વધારો આપવામાં આવ્યો છે. સરકાર મોંઘા તબીબો તૈયાર કરી આરોગ્ય સેવાને ખોરવવા માંગે છે. કરોડો રૂપિયામાં તૈયાર થતા તબીબો કેવી રીતે ગ્રામ્ય વિસ્તારો સરકારી સિવિલ હોસ્પિટલોમાં સેવા આપી શકે? ઘરના ચૂલા બાળીને સેવા કરવી કોને ગમશે? મનિષ દોશીએ ઉમેર્યું હતું કે હાલમાં જ રાજ્યની તમામ જીઈજી મેડિકલ કોલેજમાં ધરખમ ફી વધારો કરાયો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓને વાલીઓએ લડત આપી હતી અંતે તેમની લડતને કારણે સરકારને ના છૂટકે વધારો પાછો ખેંચવો પડ્યો હતો. ત્યારે ફરીથી આ પ્રકારનો ફી વધારો કરીને સરકારે વાલીઓને વિદ્યાર્થીઓને સમસ્યા અને મુશ્કેલી આપવાનું કાર્ય કર્યું છે. જેમાં સરકારની નીતિ ખુલ્લી પડી ગઈ છે. તેમની માનસિકતા ઉપર સવાલ ઊભા થાય છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું ડોક્ટર બનવાનું સપનું રોડવવાનું કામ સરકારની મંછામાં દેખાઈ રહ્યું છે? આ અંગે તેમણે માંગ કરી હતી ભવિષ્યમાં આ મુદ્દે હાઈકોર્ટના દરવાજા ખખડાવવા પડે તો પણ કોંગ્રેસ પીછે હટ નહીં કરે!

### ક્રિકેટર કે એલ રાહુલે પોતાની પત્ની સાથે ઓકશનનું આયોજન કર્યું

મુંબઈ, તા.૨૮

ટીમ ઈન્ડિયાના સ્ટાર કે એલ રાહુલે પોતાની પત્ની સાથે હાલમાં જ 'ક્રિકેટ ફોર ચેરિટી' ઓક્શનનું આયોજન કર્યું હતું. તેનો હેતુ વંચિત બાળકોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાના વિપલા ફાઉન્ડેશનના મિશનને સમર્થન આપવાનો હતો.

મુંબઈ ખાતે યોજવામાં આવેલ આ ઓકશનમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા સહિત ઈન્ટરનેશનલ ક્રિકેટના ઘણા મોટા નામોએ આ ઉમદા હેતુ માટે પોતાની અમૂલ્ય યાદગાર વસ્તુઓનું દાન કર્યું હતું. તેમાં સૌથી મોંઘી બોલી કિંગ કોહલીની જર્સીની લાગી હતી જે રોહિત શર્મા અને એમ એસ ધોનીની બેટ કરતા પણ મોંઘી વેચાઈ. વિરાટ કોહલીની જર્સીને ૪૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવી. ઓક્શનમાં કુલ ૧.૯૩ કરોડની રકમ એકત્ર કરવામાં આવી હતી. વિરાટ કોહલીનું યોગદાન માત્ર તેની જર્સી પૂરતું જ મર્યાદિત ન હતું તેના ગ્લવ્સ પણ ખૂબ જ આકર્ષક રહ્યા હતા, જે ૨૮ લાખ રૂપિયામાં વેચાયા. આ ઉપરાંત રોહિત શર્માની બેટ પણ એક શાનદાર વસ્તુ હતી જે ૨૪ લાખમાં વેચાઈ.

ઈન્ડિયા અને ચેન્નાઈ સુપરકિંગ્સના દિગ્ગજ પૂર્વ કેપ્ટન એમ એસ ધોનીએ ઓક્શનમાં પોતાની બેટ વેચીને ઈતિહાસ રચી દીધો. તેની આ બેટ ૧૩ લાખ રૂપિયામાં વેચાઈ. આ યોગદાનની સાથે-સાથે રાહુલ દ્રવિડની બેટ પણ ૧૧ લાખ રૂપિયામાં વેચાઈ. કે એલ રાહુલની જર્સી પણ ૧૧ લાખ રૂપિયામાં વેચાઈ. રાહુલ અને આથિયા બંનેએ ભારપૂર્વક જણાવ્યું કે, આ કાર્ય અમારા હૃદયની ખૂબ જ નજીક છે કારણ કે, તેનાથી દિવ્યાંગ બાળકોના ઉત્થાનમાં મદદ મળશે.

### આવી હિંમત ભાગ્યે જ કોઈ ક્રિકેટર કરી શકે

# ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનું કારણ શિખર ધવને સ્પષ્ટ કર્યું

## પૂર્વ બેટ્સમેન શિખર ધવને કહ્યું કે તે હવે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને મેચો અને આરામથી દૂર રહેવા માંગે છે

નવી દિલ્હી, તા.૨૮

૩૮ વર્ષના ક્રિકેટર શિખર ધવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. ૨૪ ઓગસ્ટે સવારે તેણે આ અંગેની જાહેરાત કરી દીધી હતી. હવે ભારતીય ક્રિકેટ ટીમમાં આવ્યા પછી ગબ્બરના નામથી જાણીતો બનેલો શિખર હવે માત્ર IPL જ રમતો જોવા મળશે. ચાહકો તેને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં જોઈ શકશે. શિખરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો છે કે તેણે નિવૃત્તિની જાહેરાત કેમ કરી. શિખરે કહ્યું કે તે હવે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને મેચો અને આરામથી દૂર રહેવા માંગે છે. શિખર ધવનને ટીમમાં એન્ટ્રી ન મળવાથી તે દોઢ વર્ષથી બહાર બેઠો હતો. ધવને કહ્યું, “એવું નથી કે આ મારા માટે મુશ્કેલ નિર્ણય છે. હું લાગણીશીલ પણ નથી. મને રડવાનું મન થતું નથી અને હું ઈચ્છતો પણ નથી. પરંતુ તે કૃતજ્ઞતા અને પ્રેમ છે. હું ખૂબ જ ખુશ છું કે મેં મારા જીવનનો મોટાભાગનો સમય ક્રિકેટમાં વિતાવ્યો છે અને મને લાગે છે કે હું હવે એવા તબક્કે પહોંચી ગયો છું જ્યાં હું આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને મેચો અને આરામ કરવા માંગુ છું.



ધવને વધુમાં કહ્યું, “મારું ટેસ્ટ ડેબ્યૂ મારી સૌથી ફેવરિટ છે. હું ટીમમાં આવ્યો અને તે રેકોર્ડ બનાવ્યો. મેં ૧૮૭ રન બનાવ્યા હતા. હું હંમેશા ભારત માટે રમવાનું અને વર્લ્ડ રેકોર્ડ બનાવવાનું સપનું જોતો હતો. મને વર્લ્ડ રેકોર્ડ વિશે પણ ખબર નહોતી. હું ટેસ્ટ ટીમમાં મારું સ્થાન નિશ્ચિત કરીને ખુશ હતો."

ધવને તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૧૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બાંગ્લાદેશ સામે રમી હતી. આ પછી તેને ક્યારેય ટીમ ઈન્ડિયામાં તક મળી નથી. ધવને ભારત માટે ૧૬૭ ODI, ૬૮ T20 અને ૩૪ ટેસ્ટ મેચ રમી છે. જેમાં શિખરે વનડેમાં ૬૭૮૨, ટી૨૦માં ૧૭૫૯ અને ટેસ્ટમાં ૨૩૧૫ રન બનાવ્યા છે. ટેસ્ટમાં તેના નામે ૭ સદી છે જ્યારે ODIમાં તેણે કુલ ૧૭ સદીની ઈનિંગ્સ રમી છે. ધવને ટી૨૦માં ૧૧ અડધી સદી ફટકારી છે. હવે આ ખેલાડી આઈપીએલમાં જ રમતો જોવા મળશે.

# GATE 2025 પરીક્ષા માટે નોંધણી પ્રક્રિયાની તારીખ લંબાવવામાં આવી

નવી દિલ્હી, તા.૨૮

ગેટ ૨૦૨૫ માટે અરજી કરવા માંગતા ઉમેદવારો માટે એક મહત્વપૂર્ણ સમાચાર છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) રૂરકીએ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ એપ્ટિટ્યુડ ટેસ્ટ (GATE 2025) માટે નોંધણીની તારીખમાં બદલાવ કર્યો છે. IIT રૂરકી દ્વારા કરવામાં આવેલા તારીખમાં બદલાવને કારણે અરજી પ્રક્રિયા આજ નહીં પરંતુ તેના બદલામાં હવે રજીસ્ટ્રેશન પ્રક્રિયા ૨૮ ઓગસ્ટ, ૨૦૨૪થી શરૂ થશે. અરજીની પ્રક્રિયા સત્તાવાર વેબસાઈટ પર શરૂ કરવામાં આવશે. એકવાર શરુ થયા પછી ઉમેદવારો સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને અરજી કરી શકે છે.

રસ ધરાવતા ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ gate2025.iitr.ac.in દ્વારા GATE ૨૦૨૫ પરીક્ષા માટે નોંધણી કરાવી શકશે. લેટ ફી વિનાની GATE 2025 નોંધણી વિન્ડો ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે.

શેડ્યૂલ મુજબ, GATE 2025 પરીક્ષા દેશભરના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર ૧, ૨, ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ બે સત્રમાં લેવામાં આવશે. ગેટ ૨૦૨૫ પરીક્ષાની પ્રથમ શિફ્ટ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ અને બીજી શિફ્ટ બપોરે ૨:૩૦ થી ૫:૩૦ સુધી લેવામાં આવશે.

GATE ૨૦૨૫ પરીક્ષા માટે સફળતાપૂર્વક નોંધણી કરાવવા માટે ઉમેદવારોએ જીઈ ૨૦૨૪ એપ્લિકેશન ફી ચૂકવવી પડશે. અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), પર્સન્સ વિથ ડિસેબિલિટી (PwD) કેટેગરીઝ તેમજ મહિલા ઉમેદવારો માટેની ફી રૂ. ૯૦૦ છે. અન્ય તમામ ઉમેદવારો માટે નોંધણી ફી રૂ ૧૮૦૦ છે.

સત્તાવાર વેબસાઈટની મુલાકાત લો.

આ પછી હોમપેજ પર ‘Apply Online’ પર ક્લિક કરો.

આ પછી તમારી જાતને નોંધણી કરો અને અરજી ફોર્મ સાથે આગળ વધો.

આ પછી ફોટોગ્રાફ, સહી અને અન્ય દસ્તાવેજો અને જાતિ પ્રમાણપત્ર (SC/ST/PWD) અને/અથવા ડિસ્લેક્સિક પ્રમાણપત્ર અપલોડ કરો.

હવે અરજી ફી ચૂકવો.

આ પછી અરજી ફોર્મ તપાસો.

છેલ્લે ભાવિ સંદર્ભ માટે અરજી ફોર્મની પ્રિન્ટઆઉટ લો.

# ગીર સોમનાથ જીલ્લામાં ભારે પવન સાથે ૩ ઈંચ સુધી સાર્વત્રિક વરસાદ વરસ્યો





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૮

હવામાન વિભાગે કરેલ આગાહી મુજબ ગતરાત્રીથી જ ગીર સોમનાથ જીલ્લાના છએય તાલુકાના વાતાવરણમાં પલટો આવવાની સાથે ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. આજે દિવસભર ભારે પવન સાથે છૂટા છવાયા જોરદાર ઝાપટાઓ વરસી રહ્યા હતા. જેના પગલે જિલ્લામાં અડધો થી ૩ ઈંચ સુધીનો સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. તો અનેક સ્થળોએ વૃક્ષો પડી જવાના તથા સોમનાથમાં ડોમ ફાટી જવાના બનાવો બન્યા હોવાનું સામે આવ્યું છે. જયારે જીલ્લામાં ગંભીર બની રહેલ પરિસ્થિતિની સમીક્ષા કરવા પ્રભારી સચિવે વેરાવળમાં મુકામ કરી જીલ્લાના શીર્ષ અધિકારીઓ સાથે બેઠક કરી માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી છે. બગડેલા હવામાન અને પરિસ્થિતિને લઈ વેરાવળ બંદર ઉપર ૩ નંબરનું ભય સૂચક સિગ્નલ ચડાવી દઈ માછીમારોને દરિયામાં ન જવા સૂચના આપવામાં આવી છે. સવારથી જ ગીર સોમનાથ જીલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે પવન ફૂંકાવાની સાથે ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. જેમાં ઘણી વખત જોરદાર ઝાપટાંઓ પણ વરસી રહ્યા હતા. આજે સવારે છ થી સાંજે છ દરમ્યાન પડેલ વરસાદના આંકડા જોઈએ તો વેરાવળમાં ૩૬ મીમી (૧.૫ ઈંચ) તાલાલામાં ૭૦ મીમી (૩ ઈંચ) સુત્રાપાડામાં ૨૬ મીમી (૧ ઈંચ), કોડીનાર અને ઉનામાં અડધો ઈંચ, ગીર ગઢડામાં ૪૯ મીમી (૨ ઈંચ) વરસાદ વરસ્યો છે. આજના વરસાદી માહોલ અને ભારે પવન ફૂંકાવાના પગલે ચોમાસામાં લોકો ફૂલ ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યા હતા. આજે ફૂંકાયેલા ભારે પવનના કારણે સોમનાથ મંદિર સમીપે દરિયા કિનારા પાસે રાજય સરકારના "સરસ મેળા"નો ડોમ તથા શ્રાવણ માસને લઈ ચાલતી કથા મંડપનો મળી બંન્ને વિશાળ ડોમ ક્ષતિગ્રસ્ત બન્યા હતા. રાજ્ય સરકારના કૂટીર ઉદ્યોગ સહિતના નાના ગૃહ વેપારીઓ માટે નાની દુકાનો સાથે સરસ મેળાનું આયોજન કરાયેલ જે ડોમના કપડાઓ અને આડશો તૂટી પડવાની સાથે તો ગઈકાલે જ સોમનાથમાં "કથાકાર પંકજ રાવલ" ની કથાનો પ્રારંભ થયેલ તે ડોમ પણ ક્ષતિગ્રસ્ત થયો છે. બંન્ને ડોમ ક્ષતિગ્રસ્ત થવાથી લાખોનું નુકસાન થયુ છે.

**જિલ્લા પ્રભારી સચિવએ સમીક્ષા બેઠક યોજી**

ભારે વરસાદની પરિસ્થિતિને લઈ જીલ્લાના પ્રભારી સચિવ

## ભારે પવનના લીધે સોમનાથ મંદિર સમીપે ઉભા કરાયેલા કથાનો અને સરસ મેળાના બે મોટા ડોમ ક્ષતિગ્રસ્ત બન્યા : વેરાવળ બંદર ઉપર ૩ નંબરનું સિગ્નલ ચડાવાયું : હિરણ ૨ ડેમના સાતેય દરવાજા ખોલવા પડયા

જેનુ દેવનએ કલેકટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં પ્રભારી સચિવએ જિલ્લામાં ભારે વરસાદના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ વિશે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપી સંભવિત જોખમ સામે આગોતરા આયોજન થકી એલર્ટ રહેવા જરૂરી સૂચનાઓ આપી હતી. કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ભારે વરસાદની સ્થિતિને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઝીરો કેઝ્યુઆલિટીના અભિગમ સાથે તકેદારીઓ લેવામાં આવી રહી છે. લોકોને નદી કાંઠા તથા નીચાણવાળા વિસ્તારોમાં અવર જવર ન કરવા સૂચનાઓ આપી એલર્ટ કરવામાં આવ્યાં છે. ભારે વરસાદની સ્થિતિમાં નાગરિકોને સલામત સ્થળે ખસેડી શકાય તે માટે તંત્ર સજ્જ છે. મુખ્યમંત્રી સાથે વીસી મારફત થયેલ વર્ચ્યુઅલ બેઠકમાં અપાયેલ માર્ગદર્શન મુજબ તંત્ર કામગીરી કરી રહ્યુ છે. બેઠકમાં અધિક કલેકટર રાજેશ આલ સહિત શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


**હિરણ ૨ ડેમના સાતેય દરવાજા ખોલવા પડયા**

વેરાવળ-સોમનાથ અને તાલાલા પંથકની જીવાદોરી સમાન હિરણ - ૨ ડેમ છલોછલ ભરાઈ જતા ડેમના તમામ સાતેય દરવાજા ખોલવામાં આવ્યા હતા. ડેમના ૪ દરવાજા ૧-૧ ફુટ અને ૩ દરવાજા અડધો-અડધો ફુટ ખોલવામાં આવ્યા હતા. ગીર જંગલ અને ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ડેમમાં પાણીની અવિરત ભરપુર આવક ચાલુ હોવાથી દરવાજા ખોલવાની પરિસ્થિતિ ઉભી થઈ છે. જેથી ડેમની હેઠળવાસમાં આવતા તમામ ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરી નદીના પટમાં આંટાફેરા ન કરવા સુચના અપાઈ હતી. ડેમ ફરિ છલોછલ ભરાતા બે પંથકની પ્રજાનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થયો છે.

# વેરાવળ બંદરના કાંઠે જ ભારે લોથની જેમ ઉછળતા મોજાની થપાટના લીધે ફિશીંગ બોટ પલટી મારી ગઈ, આઠ ખલાસીઓનો આબાદ બચાવ

## અરબી સમુદ્ર ગાંડોતુર બનતા બોટ ફિશીંગમાંથી પરત ફરી રહેલ ત્યારે કિનારા નજીક જ અકસ્માત સર્જાતા માછીમારોના જીવ તાળવે ચોંટી ગયેલ : સ્થાનીકોએ બોટમાં રહેલા આઠ ખલાસીઓને જીવના જોખમે દોરડા વડે





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૮

હવામાન વિભાગે કરેલ આગાહી મુજબ વરસાદી વાતાવરણ વચ્ચે ભારે કરંટના લીધે વેરાવળનો દરિયો ગાંડોતુર બન્યો છે. દરમ્યાન આજે સવારે ફિશિંગમાંથી પરત વેરાવળ બંદરમાં આવી રહેલ ત્યારે કિનારાની નજીકમાં જ એક બોટ દરિયાની ઉછળતી લહેરોની થપાટના કારણે પલટી મારી ગયેલ હતી. આ કપરી પરિસ્થિતિમાં બોટમાં સવાર આઠ ખલાસીઓને સ્થાનીકોએ જીવના જોખમે દોરડા વડે બહાર કાઢતા સદનસીબે જાનહાની થઈ નથી પરંતુ બોટમાં નુકસાન થતા બોટ માલીકની આજીવિકા છીનવાઈ જતા માછીમારો ચિંતામાં મુકાઈ ગયા છે. હવામાન વિભાગે કરેલ આગાહી મુજબ ગીર સોમનાથ જિલ્લામાં વરસાદી માહોલ છવાયેલો છે. તો આ સાથે જિલ્લાના અરબી સમુદ્રમાં પણ ભારે કરંટ જોવા મળી રહ્યો છે. ત્યારે તંત્રની સૂચના મુજબ વેરાવળ સોમનાથની દરિયામાં ફિશીંગ કરી રહેલ બોટોને બંદરમાં પરત ફરવા અથવા નજીકના બંદરોમાં લાંગરી દેવા આદેશ કરવામાં આવ્યો હતો. જે મુજબ આજે સવારે વેરાવળના મનસુખભાઈ પ્રેમજીભાઈ ડાલકીની અશ્વિની સાગર નામની ફિશિંગ બોટ ™t.IMB GJ ૩૨ ૧૨૦૩ વેરાવળ બંદરમાં પરત આવી રહી હતી. ત્યારે નવેક વાગ્યા આસપાસ બંદર કિનારા નજીકના ભીડીયાના બાળ ગંગેશ્વર પાસેના કાંઠા પાસે પહોંચેલ તે સમયે ફિશિંગ બોટ દરિયામાં લોથની જેમ ઉછળતા મોજાની થપાટે ચડી ગયેલ અને અફરા તફરીના માહોલ વચ્ચે ફિશીંગ બોટનું એન્જીન બંધ થઈ જતા બોટ હાલક-ડોલક થવા લાગી હતી અને અડધી કલાક સુધી હલક ઢોલક થયા બાદ પલટી મારી ગઈ હતી. જો કે આ સમગ્ર ઘટનાક્રમ દરિયાકિનારાની સામે ઘટી રહ્યો હોવાથી મોટી સંખ્યામાં માછીમાર સમાજના આગેવાનો અને લોકો કાંઠે ઉભી બોટમાં ફસાયેલા આઠેક ખલાસીઓને બચાવવા કામે લાગ્યા હતા. અડધી કલાકના મહેનતના અંતે દોરડાની મદદથી એક પછી એક આઠેય ખલાસીને બોટમાંથી કિનારે સુધી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે અતિ જોખમી પરિસ્થિતિમાં પણ તમામ ખલાસીઓને સલામત રીતે બહાર કાઢી લેવામાં આવતા માછીમાર સમાજમાં રાહતની લાગણી પ્રસરી હતી. તો બીજી તરફ ફિશીંગ બોટમાં મોટું નુકસાન પહોંચ્યું હોવાથી બોટ માલિકને લાખોની નુકસાની સહન કરવાનો વારો આવશે તે વાતથી સૌ કોઈ ચિંતાતુર બની ગયા હતા. આ ઘટનાક્રમ અંગે ફિશરીઝ અધિકારી વિમલ પંડયાના જણાવ્યા મુજબ વેરાવળની અશ્વિની સાગર નામની ફિશિંગ બોટ ૨૨ ઓગસ્ટના રોજ માછીમારી માટે દરિયામાં ગઈ હતી. દરમ્યાન ગઈકાલે સૂચના મોકલાતા આજે સવારે બોટ પરત આવી રહી હતી ત્યારે અકસ્માત સર્જાયો હતો. જોકે કોઈ જાનહાનિની થઈ નથી. હાલ વેરાવળ બંદરની સામેના દરિયામાં ૪૦ એક જેટલી બોટો અંદર આવવા માટે રાહ જોઈ રહી છે પરંતુ દરિયામાં ભારે કરંટ હોવાથી તમામ બોટોને દરિયાના એક્કર વિસ્તારમાં સુરક્ષિત રહેવા સૂચના આપી છે દરિયો શાંત થયા બાદ ક્રમશ બોટોને બંદરમાં પ્રવેશ અપાશે. આ ઉપરાંત વેરાવળ બંદરની ૧૫૦૦ જેટલી બોટો ગુજરાત અને મહારાષ્ટ્રના જુદા જુદા બંદરો કાઠે સુરક્ષિત રીતે લાંગરી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

# જૂનાગઢ જિલ્લાકક્ષા પ્રાચીન-અર્વાચીન ગરબા તથા રાસ સ્પર્ધાનું આયોજન


(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૨૮

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરીત, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ સંચાલિત જૂનાગઢ શહેર અને ગ્રામ્ય જિલ્લાકક્ષા પ્રાચીન-અર્વાચીન ગરબા તથા રાસ સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધામાં પ્રાચીન ગરબા તથા અર્વાચીન ગરબામાં ૧૪ થી ૩૫ વર્ષના બહેનો ભાગ લઈ શકશે. જ્યારે રાસની સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષ સુધીના ભાઈઓ/બહેનો ભાગ લઈ શકશે. રાસ તથા પ્રાચીન-અર્વાચીન ગરબાનો સમય ૬ થી ૧૦ મીનીટ નો રહેશે. રાસ તથા પ્રાચીન, અર્વાચીન ગરબામાં ભાગ લેનાર વ્યક્તીઓની સંખ્યા ૧૨ થી ૧૬ રાખી શકાશે અને સાથે સંગીતકાર ૪ રાખી શકાશે. ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાના ફોર્મ કચેરી સમય દરમિયાન તા.૧૨/૦૯/૨૦૨૪ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નંબર ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨૦૦૧ ખાતે મોકલી આપવાના રહેશે. વધુ માહિતી માટે કચેરી ફોન નં.૦૨૮૫ ૨૬૩૦૪૯૦૫૨ સંપર્ક કરવાનો રહેશે તેમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદિમાં જણાવ્યુ છે.

# માંગરોળ બંદર ઉપર બોટ ડૂબી જવાથી એક ખલાસનું મોત - બે

## દરીયામા કરંટ વધતા બોટ પરત ફરી રહી હતી ત્યારે નવી જેટીમા વળાંક લેવા જતા પલ્ટી





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૨૮

જૂનાગઢ જિલ્લાના માંગરોળ બંદર નજીક નવી જેટલી પાસે બોટ પલ્ટી મારી જતા ૮ ખલાસીઓ ડુબાયા હતા. એકનું મૃતદેહ મળી આવ્યો, જ્યારે ચારને બચાવી લેવાયા ત્રણ હજુ પણ લાપતા છે. આ બાબતની જાણવા મળતી વિગતો એવી છે કે, વરસાદી વાતાવરણને કારણે હાલમાં અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. ફીશીંગમા ગયેલી ઘણી બટી બોટો પરત ફરી રહી છે. ત્યારે આજ રોજ બપોરના સમયે માંગરોળની 'જય ચામુંડા' નામની બોટ પરત ફરી રહી હતી ત્યારે માંગરોળ બંદર ઉપર બનેલી નવી ફેશ ૩ જેટીમા પ્રવેશ પ્રવેશ કરતી વખતે વળાંક લેવા જતા બોટ અચાનક પલ્ટી મારી જતા બોટમાં સવાર આઠ જેટલા ખલાસીઓ દરિયામાં ડુબાય ગયા હતા. જેમાંથી એક ખલાસનું મોત નીપજ્યું હતું જેમનો મૃતદેહ મળી આવ્યો છે. જ્યારે બે ઈજાગ્રસ્ત ખલાસીઓને માંગરોળ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. અન્ય બે ખલાસીઓ હેમખેમ કિનારે પહોંચી ગયા હતાં. આ લખાય રહ્યું છે ત્યાં સુધી હજુ ત્રણ ખલાસીઓ લાપતા છે, જેમની શોધખોળ ચાલુ છે. આ ઘટનાની જાણ થતા મચ્છીમાર આગેવાન રણછોડભાઈ ગોસીયા, મરીન પીઆઈ જાદવ સહિતના લોકો દરિયા કિનારે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત માછીમારોને સારવાર માટે માંગરોળ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ડીવાયએસપી દિનેશ કોડીયાતરે જણાવ્યું હતું કે, હાલ દરીયામા કરંટ હોવાને લીધે શોધખોળ મુશ્કેલ છે. ત્યારે વેરાવળ કોસ્ટ ગાર્ડ ને જાણ કરી લાપતા માછીમારોને શોધવાં કામગીરી હાથ ધરવામાં આવશે. મૃત્યુ પામનાર ખવાસી વલસાડ જીલ્લાનો રાજુ અર્જન ગોરી હોવાનું જાણવા મળે છે.

# કેશોદમાં જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા સાથે મટકી ફોડ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદ શહેરમાં જન્માષ્ટમી નિમિત્તે શ્રી રણછોડજી મંદિર, શ્રી કૃષ્ણ જન્મોત્સવ સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદ. બજરંગદળ આયોજિત શોભાયાત્રા માંગરોળ રોડ રણછોડજી મંદિર ખાતેથી ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા સહિત વિવિધ સંસ્થાઓ અને વેપારી સંગઠનોના હોદેદારો કાર્યકરોની હાજરીમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેશોદના શરદચોક, આંબાવાડી, બગીચા પાસે, પુરોહિત બ્રોડીગ, મહેન્દ્રસિંહ ચોક, નારાયણનગર, અમૃત નગર, પટેલ મીલ રોડ, કાપડ બજાર, માંગરોળ રોડ ઉપરથી શ્રી રણછોડજી મંદિર ખાતે પુર્ણ થયેલી હતી. કેશોદ શહેરમાં જન્માષ્ટમી નિમિત્તે શોભાયાત્રા સાથે મટકી ફોડ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ગોપી ગૌસેવા ગૃપ, રાધે ધુન મંડળ અને લોહાણા ક્રાંતિ સેનાના યુવાનો દ્વારા જુદાં જુદાં મુખ્ય ચોક વિસ્તારમાં બાંધવામાં આવેલ મટકીઓ ફોડવામાં આવી હતી. કેશોદ શહેરમાં જન્માષ્ટમી નિમિત્તે શોભાયાત્રા પસાર થતાં ભાવિકો ભકતો દ્વારા આવકારવામાં આવેલ હતી અને વિવિધ સંસ્થાઓ દ્વારા શોભાયાત્રાના રૂટમાં ઠંડા પીણાં પ્રસાદ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કેશોદ શહેરના મુખ્ય માર્ગો અને ચોક વિસ્તારમાં ધજા પતાકાઓ લગાડી ગોકુળીયુ વાતાવરણ બની ગયું હતું. કેશોદ શહેરમાં શોભાયાત્રા સાથે ભારત વિકાસ પરીષદ દ્વારા વેશભૂષામાં બાળકો સાથે સુશોભિત વાહન અને શ્રી રણછોડજી મંદિર દ્વારા સુશોભિત રથ જોડાયાં હતાં. કેશોદ વિસ્તારમાં સવારથી ઝરમર પડતાં વરસાદ સાથે ભીંજાતા ભીંજાતા ભાવિકો ભકતો ડીજે ના તાલે રાસગરબા રમી નાચતાં નાચતાં શોભાયાત્રામાં જય કનૈયા લાલકીના નાદ સાથે કૃષ્ણમય બની ગયાં હતાં. કેશોદ પોલીસ દ્વારા સમગ્ર શોભાયાત્રામાં પુરતો બંદોબસ્ત જાળવ્યો હતો.

કેશોદના વિવિધ વિસ્તારોમાં આવેલા મંદિરોમાં પવિત્ર શ્રાવણ માસમાં જન્માષ્ટમી અને સોમવાર સાથે હોય વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કેશોદ શહેરમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ સમિતિ શ્રી રણછોડજી મંદિર અને વિશ્વ હિન્દુ પરિષદની આગેવાનીમાં નીકળેલી શોભાયાત્રાનું સંચાલન ઉદઘોષક ડોક્ટર ભુપેન્દ્રભાઈ જોષીએ કર્યુ હતું.

## :: અવસાન નોંધ ::

ભાવિનભાઈ ચુનીભાઈ ચૌહાણ તે ચુનીભાઈ જાદવભાઈનાં પુત્ર તેમજ રવિભાઈનાં મોટા ભાઈનું તા. ૨૬-૮-૨૪ને સોમવારનાં રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૯-૮-૨૪ને ગુરૂવાર તેમના નિવાસ સ્થાને ગામ ઈવનગર મુકામે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

## કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમીતી દ્વારા જૂનાગઢમાં કૃષ્ણ જન્માષ્ટમી શોભાયાત્રાનું સ્વાગત કરાયું






જૂનાગઢ તા. ૨૮

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં જૂનાગઢ સર્કલ ચોક ખાતે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમીતી દ્વારા બટુકભાઈ મકવાણા, એડવોકેટ જીસાનભાઈ, અશ્વીનભાઈ મણીયાર, વહાબભાઈ કુરેશી, મુન્નાબાપુ કાદરી, સોહીલ સીદીકી, ધીરૂભાઈ જોષી, હાજીભાઈ ઠેબા, જેન્તીભાઈ ઓટવાણી, હીરેન મણીયાર, નિલેશભાઈ પારેખ, નલીતભાઈ પકવાનવાળા, બાવલીભાઈ ગાઠીયાવાળા, સરતાઝ હાલેપૌત્રા સહીતનાં હિન્દુ-મુસ્લીમ આગેવાનોએ શ્રી કૃષ્ણ ભગવાનનાં પારણાને ઝુલાવીને ફુલોથી શોભાયાત્રાનું સ્વાગત કરેલ હતું.

# ૨૯ ઓગસ્ટ રમત ગમત દિવસ




૧૯૦૫ માં આ તારીખે જન્મેલા હોકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ તરીકે ભારતમાં ૨૯ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રમત દિવસ અથવા રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવવામાં આવે છે.હોકીના હીરો મેજર ધ્યાનચંદની જન્મજયંતિ, ૨૯ ઓગસ્ટના રોજ ભારત રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરે છે. ૨૦૧૨ માં, દિવસને ભારતનો રાષ્ટ્રીય રમત દિવસ જાહેર કરવામાં આવ્યો. તેમણે ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬માં ભારતને ત્રણ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રકો અપાવ્યું હતું.હોકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે ભારત ૨૯મી ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરે છે. આ દિવસ રાષ્ટ્રના રમતગમતના નાયકો અને ચેમ્પિયનને પણ સમર્પિત કરવામાં આવે છે, જે દેશને ગૌરવ અપાવવામાં તેમના યોગદાન અને સમર્પણનું સન્માન કરે છે. રમતના મૂલ્યો વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથેઃ શિસ્ત, દ્રઢતા, રમતવીર ભાવના, ટીમ વર્ક, અને ફિટ અને સ્વસ્થ રહેવાના મહત્વ પર ભાર મૂકતા લોકોને રમતગમત કરવા અને તેને તેમના જીવનનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રોત્સાહિત કરવા. .૨૦૧૨ હતું જ્યારે દિવસને પ્રથમ વખત નિયુક્ત કરવામાં આવ્યો હતો અને ભારતના રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. ધ્યાનચંદને આ પૃથ્વી પર જીવતા હોકીના સૌથી મહાન ખેલાડી માનવામાં આવે છે. અવિશ્વસનીય હોકી કૌશલ્ય માટે 'હોકીના વિઝાર્ડ' તરીકે પ્રેમપૂર્વક યાદ કરવામાં આવે છે, તેમણે ૧૯૨૬ થી ૧૯૪૯ સુધીની તેમની કારકિર્દીમાં ૫૭૦ ગોલ કરવામાં સફળ રહ્યા હતા (તેમની આત્મકથા 'ગોલ્સ' મુજબ). ભારતીય રાષ્ટ્રીય હોકી ટીમને વર્ષ ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬માં સતત ત્રણ ઓલિમ્પિક સુવર્ણચંદ્રક જીતવામાં મદદ કરવાની તેમની સૌથી પ્રસિદ્ધ અને અત્યાર સુધીની અપ્રતિમ સિદ્ધિ છે.

- ડો. જી.આર. ગોહિલ

# જૂનાગઢ જીલ્લાના તમામ ૧૯ ડેમો ઓવરફ્લો : ૧૪૩ ગામોને એલર્ટ કરાયા

## જૂનાગઢ જીલ્લાના ૯ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ : સીઝનનો કુલ ૧૪૭ ટકા વરસાદ નોંધાયો : ગિરનાર પર્વત વિસ્તારમાં ૭૬ ઈંચ - ૧૯૦૪ એમ.એમ. વરસાદ નોંધાયો : જૂનાગઢ શહેર-જીલ્લામાં પડી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન ઠપ્પ

જૂનાગઢ તા.૨૮

વર્ષાઋતુના પ્રારંભથી જ મેઘરાજા જૂનાગઢ શહેર-જીલ્લા પર અનરાધાર વરસીને હેત વરસાવી રહ્યા છે. જૂનાગઢ જીલ્લો હવે અતિવૃષ્ટિનો ભોગ બની રહ્યું છે. જૂનાગઢ જીલ્લાના ૯ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ પડી ચુકયો છે. જયારે એકમાત્ર માંગરોળ તાલુકામાં ૯૫ ટકા વરસાદ નોંધાયો છે. જયારે જૂનાગઢ નજીક આવેલ ગીરનાર પર્વત પર સીઝનનો કુલ ૧૯૦૪ એમ.એમ. (૭૬ ઈંચ) વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જીલ્લામાં છેલ્લા ૩૦ વર્ષની વાર્ષિક સરેરાશ ૧૦૦૯ એમ.એમ.ની છે. તેની સામે આ વખતે આજની તારીખ સુધી ૧૪૯૦ એમ.એમ. વરસાદ પડી ચુકયો છે. એટલે કે કુલ સીઝનની સરેરાશ કરતા ૧૪૭.૭૯ ટકા વરસાદ નોંધાયો છે.

જૂનાગઢ જીલ્લામાં સતત પડી રહેલા ભારે વરસાદને કારણે નદી-નાળા ડેમ-ચેકડેમ છલકાઈ ચુકયા છે. જૂનાગઢ જીલ્લામાં આવેલા તમામ ૧૯ ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે અથવા તો છલોછલ ભરાઈ ગયા છે. આજે ૧૦ કલાકે પુરા થતાં છેલ્લા ૨૮ કલાક દરમ્યાન જૂનાગઢ જીલ્લામાં પડેલો વરસાદ જોઈએ તો, વિસાવદર ખાતે સૌથી વધુ ૧૪૩ એમ.એમ. (૫.૭૫ ઈંચ), વંથલી ૧૪૨ એમ.એમ. (૫.૭૫ ઈંચ), માણાવદર ૧૩૫ એમ.એમ. (૫.૫ ઈંચ), ભેસાણ ૧૩૦ એમ.એમ. (૫.૨૫ ઈંચ), મેંદરડા ૧૨૭ એમ.એમ. (૫ ઈંચ), કેશોદ ૧૨૫ એમ.એમ. (૫ ઈંચ), જૂનાગઢ ૧૧૦ એમ.એમ. (૪.૫ ઈંચ), માળીયા હાટીના ૬૫ એમ.એમ. (૨.૫ ઈંચ) અને માંગરોળ ખાતે ૩૦ એમ.એમ. (૧.૨૫ ઈંચ) વરસાદ નોંધાયો છે.

જૂનાગઢ જીલ્લાના ભેસાણ તાલુકાના સુખપુર ભાટ ગામે આવેલ સૌરાષ્ટ્રના બીજા નંબરનો સૌથી મોટો ડેમ ઉબેણ ડેમ ઓવરફ્લો થયો છે. જેને કારણે ડેમના નીચાણવાળા વિસ્તારમાં આવેલા ગામોના લોકોને સાવચેત કરવામાં આવી રહ્યા છે. જૂનાગઢ જીલ્લાના ડેમો ઓઝત-૨, ઉબેણ, મધુવંતી, આંબાજળ, વ્રજમી, ધ્રાફડ, હસ્નાપુર, મોટા ગુજરીયા, સાબલી, બાંટવા ખારો, ભાખરવડ, આણંદપુર વીયર, શાપુર વીયર, વંથલી વીયર, મઘરડી, ઉબેણ કેરાળા, શેરડી અને ટીકર વીયર સહિત તમામ ૧૯ ડેમ ઓવરફ્લો થઈ રહ્યા હોવાનું સિંચાઈ વિભાગના સુત્રો જણાવે છે. આ ડેમો ઓવરફલો થવાના કારણે જૂનાગઢ, વંથલી, મેંદરડા, જેતપુર, વિસાવદર, માળીયા હાટીના, ભેસાણ, કેશોદ, માણાવદર, કુતિયાણા તાલુકાના કુલ ૧૪૩ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. આ ગ્રામ્ય વિસ્તારના લોકોને નદીના પટ વિસ્તારમાં નહીં જવા અને સાવચેત રહેવા સુચના આપવામાં આવી છે.

જૂનાગઢ જીલ્લામાં સતત પડી રહેલા ભારે વરસાદને કારણે લીલા દુકાળની સ્થિતિ સર્જાઈ ગઈ છે અને ખેતીને ભારે નુકશાન થઈ રહ્યું છે. લોકો હવે મેઘરાજાને ખમૈયા કરવા પ્રાર્થના કરી રહ્યા છે.

# જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી સંદર્ભે અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

સમગ્ર રાજયની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ વરસાદી માહોલ સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા સતર્ક રહેવા સૂચનાઓ જારી થયેલ હોય જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાન રાખી જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયાએ ઉપસ્થિત રહી જૂનાગઢ જિલ્લામાં આપત્તિના સમયે તંત્ર દ્વારા લેવાનાર પગલાઓ વિશે જાણકારી મેળવી હતી. જૂનાગઢ જિલ્લાની વિવિધ કચેરીઓની પ્રાંત અને તાલુકા કક્ષાએ કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કર્યા બાદ કહ્યુ કે, 'રાજય સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવતી સૂચનાઓને ગંભીરતાથી લઈ કચેરીઓના પ્રત્યેક અધિકારી-કર્મચારીઓ સતર્ક રહે. વરસાદલક્ષી વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવે તે મુજબ આગોતરૂ આયોજન થાય. જિલ્લામાં પીવાના પાણીનો પુરવઠો, વીજ પુરવઠો, ગર્ભવતી મહિલાઓની આરોગ્યની કાળજી, દવાઓ અને રાશનનો જથ્થો પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવે. રાજય અને પંચાયત સિંચાઈ સહિતના વિભાગના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ જરૂરી સંકલન રાખે અને ડેમની સ્થિતિ અંગે જિલ્લા કલેકટરશ્રી સહિતનાઓને અવગત કરે. ડેમના નીચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતર કરવાની આવશ્કતા હોય તો તે માટેના પગલાઓ ભરવામાં આવે અને તે સાથે જરૂરી આયોજન થાય, નાગરિકોને ફૂડ પેકેટ, દવાઓના જથ્થા સહિતની સ્થિતિ અંગે મંત્રીશ્રીએ વિગતો મેળવી હતી. વીજ પુરવઠો યથાવત રહે અને જ્યાં ખોરવાય તે વિસ્તારોમાં ફોલ્ટની ફરિયાદો સાંભળવા માટે ટીમ કાર્યરત રહે તેની વિશેષ કાળજી રાખવા માટે મંત્રીશ્રીએ સૂચના આપી હતી. ભારે વરસાદના સમયે જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલીના પડે તે માટે જાગૃતિ દાખવવા અને આપાતકાલીન સમયે સહાયતા અંગે અધિકારીઓ સાથે વિસ્તૃત જાણકારી મેળવી અને માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે જીલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ, અગ્રણી હરેશ પરસાણા, પ્રભારી સચિવ બંછાનિધિ પાની, કલેક્ટર અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, જૂનાગઢ કોર્પોરેશનના અધિકારીઓ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે સંકળાયેલા અધિકારીઓને સતર્કતા દાખવી મુશ્કેલીના સમયે ત્વરિત પગલાં લઈ લોકોને કોઈ મુશ્કેલી ન પહોચે તે દિશામાં કાર્યરત રહેવા સૂચનાઓ આપી હતી.

# જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ સુશોભિત પ્રતિકૃતિઓ બનાવવા બદલ મંડળોના આગેવાનોનું સન્માન કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાએ એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે કે, નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી, હાથી, ઘોડા પાલખી જય કનૈયા લાલ કી ના નાદ સાથે ભગવાન શ્રીકૃષ્ણના અવતરણ દિન નિમિત્તે જુનાગઢ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં વિવિધ મંડળો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની સુશોભિત પ્રતિકૃતિઓ લોક દર્શનાર્થે મુકવામાં આવેલ હતી. જે ખૂબ જ મનમોહક દ્રષ્ટિ ગોચર થઈ રહી હતી. આવું ખુબ સુંદર આયોજન કરવા બદલ આ તમામ સુશોભિત પ્રતિકૃતિઓના વિવિધ મંડળોના આગેવાનોનું જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા પુષ્પ ગુચ્છ અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું. જૂનાગઢના હરિઓમ ગ્રુપ દ્વારા શહેરના ઉપરકોટ વિસ્તારમાં આવેલ રામ મંદિરથી શોભાયાત્રા શરૂ કરવામાં આવી હતી. જેમાં મંડળો દ્વારા વિવિધ પ્રકારના ભગવાનના ફ્લોટ્સો સહિત ગિરનારી ગ્રુપ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનુ બાળ સ્વરૂપનું ફ્લોટ્સ રજૂ કરવામાં આવેલ હતું. ભગવાનને ભોગ ધરેલ ચોકલેટ અને પંજરી પ્રસાદી રૂપે આપવામાં આવેલ શોભાયાત્રા દરમ્યાન ભકત કણોને પીવાના પાણીની બોટલનું પણ વિતરણ કરવામાં આવેલ હતું.

આ શોભાયાત્રાને નિહાળવા માટે વરસતા વરસાદમાં પણ જૂનાગઢની ધર્મ પ્રેમી જનતાએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. ગિરનારી ગ્રુપના સભ્યઓ સમીરભાઈ દતાણી, સંજયભાઈ બુહેચા, સમીરભાઈ દવે, દિનેશભાઈ રામાણી, હરિભાઈ કારીયા, મુકેશભાઈ દતાણી, કિશોરભાઈ પટોળીયા, પિયુષભાઈ દતાણી, ભરતભાઈ ભાટિયા, સચિનભાઈ ભાટિયા, અક્ષિતભાઈ કુબાવત, કશ્યપભાઈ દવે, સંજયભાઈ કડીવાર સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.


ગુજરાત સરકાર

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન

## સલામત બનાવીએ આપણું જીવન

આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી



### પૂરની સ્થિતિ પહેલાં

- અફ્વા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહીં
- સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઊલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સૂકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, ટોર્ચ સાથે વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખૂંટાથી છૂટાં રાખો

### સ્થળાંતર કરવાનું થાય ત્યારે

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને સૂચવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટર બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજવસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકિંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

### પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

### પૂર બાદ

- સ્થાનિક સત્તાધીશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી, તેનું પાલન કરો
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ, ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહીં
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલ રૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલ રૂમ - ૧૦૭૦**

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

## જવાબદાર બનો

**તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.**

## વહીવટી તંત્રને સહકાર આપો

**જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.**

અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat | gujaratinformation.official | gujarat.information